**આજનો સુવિચાર**

અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

વર્ષ : ૪૮ અંક : ૨૩૪ જૂનાગઢ તા.૧૬-૦૯-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 234, Junagadh : Date : 16 September, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




વડાપ્રધાન મોદીનાં ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ

# ગુજરાતની ધરતી પર સોલાર ક્રાંતિ આવી : વડાપ્રધાન

## રીન્યુએબલ એનર્જી સમીટનો વડાપ્રધાને પ્રારંભ કરાવ્યો : અમદાવાદ - ગાંધીનગર મેટ્રો ફેઝ-૨ને લીલીઝંડી બતાવી



ગાંધીનગર તા.૧૬ સતત ત્રીજી વખત દેશનું સુકાન સંભાળ્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજયને આગામી સમયમાં પરંપરાગત ઉર્જામાં દેશભરમાં મોડલ બનાવવા માટે મહાત્મા ગાંધી મંદિરમાં રીન્યુએબલ એનર્જી સમીટનો પ્રારંભ કરાવ્યો હતો આ પ્રસંગે વડાપ્રધાને તેમના સંબોધનમાં કહયું કે, ગુજરાતની ધરતી પર સોલાર ક્રાંતિ આવી છે. મારી સરકારનું લક્ષ્યાંક શૂન્ય ઈલેકટ્રીક બીલનું છે. વડાપ્રધાન આજે ગાંધીનગરમાં સેકટર નં.૧ મેટ્રો ખાતે બીજા તબકકાની મેટ્રો રેલ સેવાનો પ્રારંભ કરીને ગીફટ સીટી પહોંચી ગયા છે.

આજે સવારે સૌ પ્રથમ વાવોલમાં પીએમ સૂર્યઘર યોજનાના લાભાર્થીઓના ઘરે જઈને ત્યાં સોલાર સીસ્ટમ નીહાળ્યું હતુ અને લાભાર્થીઓ સાથે વાટાઘાટ કરી હતી. મોદીની આ મુલાકાત સમયે જ મહાત્મા ગાંધી મંદિર ખાતે યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપવા રીન્યુએબલ ઉર્જા સાથે જોડાયેલા દેશના ટોચના ઉદ્યોગપતિ અને કેન્દ્ર મંત્રી પ્રહલાદ જોશી, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સહિતના અગ્રણીઓ ગુજરાત પહોંચ્યા છે.

વડાપ્રધાન તા.૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર ચોથી રી-ઈનવેસ્ટ ગ્લોબલ રીન્યુએબલ એનર્જી મીટ એન્ડ એકસોને ખુલ્લો મુકયો છે જેમાં ૧૪૦ દેશોના ૨૫ હજારથી વધુ પ્રતિનિધિઓ હાજરી આપી રહ્યા છે.

ખાસ કરીને દેશમાં સુર્ય ઉર્જા અને પવન ઉર્જાનો ઉપયોગ વધે અને તેના આધારે સસ્તી ઉર્જા મળવા સાથે પ્રદુષણ ફેલાવતા ઉર્જાનો ઉપયોગ ઘટે તે માટે પીએમ સૂર્ય ઉર્જા યોજના અમલમાં મુકાઈ છે જેમાં ઘરેલુ ઉર્જા ઉત્પાદકને વર્ષે રૂા.૧૫ હજારનો લાભ થઈ રહ્યો છે. વડાપ્રધાન મોદી આ અંગે સમગ્ર આયોજન નિહાળી અને લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. મોદીએ અગાઉ જણાવ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦૦ ગીગાવોટ રીન્યુઅલ એનર્જીનો લક્ષ્યાંક છે અને દેશમાં ચાલુ વર્ષે જ આ યોજના હેઠળ ૧ કરોડ ઘરોમાં સૂર્યોદય યોજનાના મારફત વીજળી ઉત્પન્ન કરવાની તૈયારી છે.

## જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં આજે પ્રથમ તબકકા માટે પ્રચાર પડઘમનો અંત : લોખંડી બંદોબસ્ત

નવી દિલ્હી,તા.૧૬: કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ જમ્મુ-કાશ્મીરમાં પહેલીવાર વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. આ ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. દરમિયાન, સોમવારે, જમ્મુ અને કાશ્મીરમાં પ્રથમ તબક્કાના પ્રચારના અંતિમ દિવસ છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ ચિનાબ ઘાટીમાં ત્રણ રેલીઓને સંબોધિત કરી રહયા છે. બપોરે ૧.૩૦ વાગ્યે પદ્દારની નાગસેની વિધાનસભાના છત્તરગઢ સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધિત કરશે અને ત્યારબાદ તેઓ અહીંથી કિશ્તવાડ જવા રવાના થશે, જયાં બીજેપી નેતાઓ બપોરે ૩ વાગ્યે પરેડ ગ્રાઉન્ડમાં એક વિશાળ જનસભાને સંબોધશે. અંતે, ગૃહ પ્રધાન ભાજપના ઉમેદવારોને સમર્થન મેળવવા માટે સાંજે ૪.૩૦ વાગ્યે રામબન વિધાનસભા ક્ષેત્રમાં રેલી કરશે.

કેન્દ્રીય પ્રધાન જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન ૨૫ સપ્ટેમ્બરે બીજા તબક્કાના મતદાન અને ૧ ઓક્ટોબરે ત્રીજા તબક્કાના મતદાન પહેલા ચૂંટણી રેલીઓને સંબોધવા માટે ફરીથી જમ્મુ -કાશ્મીરની મુલાકાત લેશે.

## નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા.૨ લાખ કરોડથી વધુની જીએસટી ચોરી પકડાઈ: મુંબઈ સૌથી મોખરે

નવી દિલ્હી તા. ૧૬ નાણાકીય વર્ષ ૨૦૨૩-'૨૪ ૨.૦૧ લાખ કરોડ રૂપિયાની ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સની કરચોરી શોધી કાઢવામાં આવી છે અને અગાઉના નાણાકીય વર્ષમાં ૧.૦૧ લાખ કરોડ રૂપિયાની કરચોરી કરતાં એ બમણી છે. ડિરેક્ટરેટ જનરલ ઓફ GST ઈન્ટેલિજન્સ દ્વારા શનિવારે આ જાણકારી આપવામાં આવી હતી. GST કરચોરીના આ કેસમાં ૭૦,૯૮૫ કરોડ રૂપિયાની કરચોરીની રકમ સાથે મુંબઈ પહેલા ક્રમાંકે છે.

ત્યાર બાદ ૧૮,૩૧૩ કરોડ સાથે દિલ્હી બીજા ક્રમાંકે, ૧૭,૩૨૮ કરોડ સાથે પુણે ત્રીજા ક્રમાંકે, ૧૫,૫૦૨ કરોડ સાથે ગુરુગ્રામ ચોથા ક્રમાંકે અને ૧૧,૦૮૧ કરોડ રૂપિયા સાથે હૈદરાબાદ પાંચમા ક્રમાંકે છે.

## મોદી ૩.૦માં વન નેશન વન ઈલેકશન લાગુ થઈ જશે



### ૨૦૨૯ સુધીમાં દેશમાં એકી સાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે

નવી દિલ્હી તા. ૧૬ ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર તેના વર્તમાન કાર્યકાળમાં વન નેશન-વન ઈલેક્શન લાગુ કરશે. વાસ્તવમાં મોદી સરકારના ત્રીજા કાર્યકાળના ૧૦૦ દિવસ પૂર્ણ થઈ ગયા છે. લોકસભાની ચૂંટણી માટે ભાજપના મેનિફેસ્ટોમાં પણ આ વચન આપવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં વન નેશન-વન ઈલેક્શનની શું તૈયારીઓ ચાલી રહી છે? તે અંગે જાણકાર સૂત્રએ કહ્યું હતું કે આ કાર્યકાળમાં જ તેને લાગુ કરવામાં આવશે. ગયા મહિને તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં વડા પ્રધાને વન નેશન-વન ચૂંટણીની હિમાયત કરી હતી. તેમણે કહ્યું હતું કે વારંવાર ચૂંટણીઓ દેશની પ્રગતિમાં અવરોધ ઉભી કરી રહી છે. વન નેશન વન ઈલેક્શન પર વિચારણા કરવા માટે રચાયેલી પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની સમિતિએ ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. તે ૧૮,૬૨૬ પેજનું છે. પેનલની રચના ૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી. આ રિપોર્ટ સ્ટેકહોલ્ડર્સ-નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા બાદ ૧૯૧ દિવસના સંશોધનનું પરિણામ છે.

## ડોનાલ્ડ ટ્રમ્પ પર ફરી હુમલો થયો : બાલ.. બાલ.. બચાવ

વોશીંગ્ટન,તા. ૧૬: અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર ફરી એકવાર જીવલેણ હુમલો થયો હતો. ફલોરિડા સ્થિત તેમના ગોલ્ફ કોર્સમાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ આ હુમલામાં બચી ગયા હતા, પરંતુ સ્થળ પરથી એક AK 47 મળી આવી હતી. આ હુમલાને લઈને જારી નિવેદનમાં એફબીઆઈએ કહ્યું છે કે ગોળી મારતી વખતે ટ્રમ્પ ત્યાંથી માત્ર ૨૭૫-૪૫૫ મીટર દૂર હતા. એક પ્રત્યક્ષદર્શીએ તો એમ પણ કહ્યું કે તેણે એક માણસને ઝાડીઓમાંથી દોડતો જોયો હતો જે કાળી નિસાન કારમાં ગયો હતો.

ટ્રમ્પની સુરક્ષા માટે તૈનાત અધિકારીઓએ પણ શંકાસ્પદ વ્યકિત પર ગોળીબાર કર્યો હતો, પરંતુ તે ભાગવામાં સફળ રહ્યો હતો. હાલ તો આ હુમલા બાદ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને કોઈપણ કિંમતે ઝૂકવાના નથી. તેણે પોતાના સમર્થકોને ઈમેલ દ્વારા લખ્યું કે હું સુરક્ષિત છું. હવે કોઈ અવરોધ મને રોકી શકશે નહીં, યાદ રાખો કે હું ક્યારેય આત્મસમર્પણ નહીં કરું. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસે પણ આ હુમલા અંગે ચિંતા વ્યકત કરી છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે અમેરિકામાં હિંસા માટે કોઈ સ્થાન નથી.

## શેરબજાર ઓલટાઈમ હાઈ : ૨૦૦ પોઈન્ટનાં ઉછાળા સાથે સેન્સેકસ ૮૩૧૮૪

મુંબઈ તા. ૧૬ શેરબજાર આજે એટલે કે ૧૬મી સપ્ટેમ્બરે ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયું છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૩,૧૮૪ અને નિફટી ૨૫,૪૪૫ને સ્પર્શી હતો. હાલમાં સેન્સેક્સ ૨૦૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩,૧૫૦ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. તે જ સમયે, નિફટીમાં પણ લગભગ ૧૦૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળી રહ્યો છે.

## ગુજરાતમાં જંત્રીનાં દરો સાતત્યપૂર્ણ બનાવવા રજુઆત : આગામી વર્ષે જંત્રી દરોની સમિક્ષા કરાશે : સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી માં ઘટાડો શકય

ગાંધીનગર તા.૧૬ ગુજરાતમાં ગત વર્ષે લાગુ કરાયેલ ૧૦૦ ટકા વધારા સાથેની જંત્રીના વધુ સાતત્યપૂર્ણ બનાવવા માટે જે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી તે હવે ફાઈનલ જંત્રી આગામી વર્ષે અમલમાં આવે તેવી શકયતા છે. રાજય સરકારે અગાઉ ચાલુ વર્ષમાં જંત્રીને પૂર્ણ રીતે લાગુ કરવા તૈયારી કરી હતી.

પરંતુ જીલ્લા કક્ષાએ વિસ્તારો મુજબ જંત્રીની સમીક્ષા સહિતની કામગીરી પૂર્ણ થઈ હોવા છતા હવે આગામી દિવસમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી રહી હોવાથી સરકાર જંત્રીના ફેરફારની સમગ્ર કવાયત આગામી વર્ષે અમલી બનાવે તેવી શકયતા છે.

ખાસ કરીને વર્તમાન સમયમાં પણ ૧૦૦ ટકા વધારા સાથે અમલમાં મુકાયેલી જંત્રીના દરો અંગે પણ અનેક પ્રકારના પ્રશ્નો છે અને વિવિધ વિસ્તારોમાંથી આ અંગે રાજય સરકાર સમક્ષ જે રજુઆત થઈ છે તે પણ હજુ પુરી રીતે સમીક્ષા થઈ નથી અને ત્યાં જ રાજયમાં નગરપાલીકાથી લઈને ગ્રામ પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી હોવાથી સરકાર હાલ કોઈ નવા પ્રશ્નો ઉભા કરવા માંગતી નથી. બીજી તરફ કેન્દ્ર સરકારે તમામ રાજયોને લોકો ઉપરના બોજામાં ઘટાડો થાય તે રીતે સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ફીનું માળખુ પણ સરળ બનાવવા અને સ્ટેમ્પ ડયુટીના દરો ઘટાડવા માટે ભલામણ કરી છે અને તે પણ રાજય સરકારની વિચારણામાં છે અને તેથી આગામી બજેટમાં તે અંગે નિર્ણય લેવાઈ શકે છે. ગત વર્ષે મે માસમાં રાજય સરકારે લગભગ ૧૨ વર્ષના સમયગાળા બાદ જંત્રી દરોમાં એક સાથે ૧૦૦ ટકાનો વધારો અમલી બનાવ્યો હતો અને તેની સામે પ્રશ્નો પણ ઉભા થયા હતા.

## આજે બપોરે જૂનાગઢ શહેરમાં ઈદે મીલાદનું ભવ્ય ઝુલુસ નીકળશે

જૂનાગઢ તા. ૧૬ આજે ઈદે મીલાદુન્નબીની દેશભરમાં ઉજવણી થઈ રહી છે. ઈદે મીલાદ નીમિતે જૂનાગઢ શહેરમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. જૂનાગઢ શહેરનાં સુખનાથચોક, ઝાલોરાપા સહિતનાં વિસ્તારોમાં પેયગંબર સાહેબનાં જન્મદિવસની ઉજવણીનાં ભાગરૂપે માર્ગો અને મકાનો પર રોશની કરવામાં આવી છે. તેમજ આજે જૂનાગઢ શહેરમાં બપોરે ૩.૦૦ કલાકે ઈદે મીલાદનું ઝુલુસ નીકળશે. ઈદે મીલાદનું ઝુલુસ તેના રૂટ વાલી એ સોરઠથી લઈ સુખનાથ ચોક, જેલ રોડ, એમ.જી. રોડ, ચીતાખાના ચોક, ઢાલ રોડ, માંડવી ચોક, ઝાલોરાપા થઈ ઉધી વાડા ખાતે મોડી સાંજે સંપન્ન થશે. વાલી એ સોરઠ દરગાહ ખાતે ચાદર ચડાવ્યા બાદ ઝુલુસનો પ્રારંભ થશે.

દરમ્યાનમાં જૂનાગઢ શહેર ઝુલુસ વ્યવસ્થાપક કમીટીનાં જણાવ્યા મુજબ તહેવારની ઉજવણીમાં તકેદારી રાખવા જણાવ્યું છે. જેમાં અકસ્માતની શકયતા નિવારવા મોટા વાહનો ઝુલુસમાં નહી લાવવા, ડીજે સીસ્ટમ સંપૂર્ણ પ્રતિબંધિત હોય ઝુલુસમાં નહી લાવવા તેમજ ધાર્મિક નીતિ નિયમો મુજબ ઝુલુસમાં જોડાવવા એક યાદીમાં જણાવાયું છે.

## રશિયાએ નાટો દેશોને પરમાણુ યુધ્ધની ખુલ્લી ધમકી આપી

બ્રસેલ્સ તા.૧૬ યુક્રેનને નાટો તરફથી રશીયામાં અંદર સુધી મિસાઈલ હુમલો કરવા માટે લાંબા અંતરની મિસાઈલોના ઉપયોગની મંજુરી મળી શકે છે. મંજુરી મળતા જ તે રશીયન ક્ષેત્રોમાં મિસાઈલ હુમલા શરૂ કરી દેશે જેને લઈને રશીયાથી પશ્ચિમ દેશોને ચેતવ્યા છે. આથી પરમાણુ યુદ્ધનો ખતરો વધી જશે. યુક્રેન સતત પશ્ચિમી દેશો પાસેથી રશીયામાં અંદર સુધી હુમલા કરવા માટે લાંબા અંતરની મિસાઈલોની માંગ કરી રહ્યું છે. પણ અત્યાર સુધી તેના પર પ્રતિબંધ હતો હાલમાં આ અનુમતિને લઈને અમેરીકા અને બ્રિટન વચ્ચે બેઠક થઈ હતી. જેમાં લાંબા અંતરની મિસાઈલનાં ઉપયોગની પણ ચર્ચા થઈ હતી પણ જાહેરાત નહોતી થઈ. પશ્ચિમી દેશોની દુવિધા એ છે કે જો પશ્ચિમ દેશ યુક્રેનને પોતાની સીમાની બહાર રશીયન ઠેકાણાઓ પર મિસાઈલ હુમલાની મંજુરી એટલા માટે નથી આપતા કારણ કે હાલનું યુદ્ધ વધુ તેજ બની જાય.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



હાર્દિક શુભેચ્છા....
HOPE
DIABETES & PHYSIOTHERAPY CENTRE
ડો. દિપક ચુડાસમા MBBS, PGDM, PhD Scholar કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા BPT, MPT ortho, PhD Scholar કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો
● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર
● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R.
● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૫૦૦નાં રીપોર્ટ માત્ર ૧૦૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ



સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨



● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો




# રાજકોટ જીવનનગર કા વિઘ્નહર્તા મહાઆરતીમાં ભાજપના આગેવાનો



રાજકોટ, તા.૧૬

જીવનનગર વિકાસ સમિતિ, ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ દ્વારા દસમા વર્ષે જીવનનગર કા વિઘ્નહર્તામાં મહાઆરતી, પૂજન–અર્ચન, દિપમાલામાં શહેર ભા.જ.પ. ના આગેવાનોએ હાજરી આપી હતી. જીવનનગર સમિતિએ સામાજિક એકતા, કાર્યોની પ્રશંસા કરવામાં આવી હતી. મૂર્તિનું વિસર્જન કરવામાં આવતું નથી. પ્રદુષણ મુક્ત, ઘોંઘાટ વગર, સર્વાંગ હિતને ધ્યાનમાં લેવામાં આવે છે.

ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે દિપ પ્રાગ્ટય કરી જીવનનગર સમિતિ રહીશો માટે છેલ્લા ૪૩ વર્ષથી કાર્યરત છે. રાજયમાં સર્વોચ્ચ સ્થાન લીધું છે. જયંત પંડયાના નેતૃત્વથી વિસ્તારનો ફાયદો થયો છે. મહાઆરતીમાં ભાગ લેવાથી ધન્યતા અનુભવું છું. ભગવાનની પૂજા–અર્ચનમાં ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, નગરસેવક ચેતનભાઈ સુરેજા, ડૉ. આશિષભાઈ મકવાણા, દર્શનભાઈ જાની, કેતનભાઈ મકવાણા, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ સહિત આગેવાનોએ હાજરી આપી હતી. સમિતિના પ્રમુખ જયંત પંડયાએ મહેમાનોને આવકારી રહીશો માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. સમિતિને રાજયમાં આદર્શનું બિરૂદ મળ્યું છે. મહિલા મંડળની સક્રિયતાને બિરદાવી હતી. સુનિતાબેન વ્યાસને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમિતિના મુકેશભાઈ પોપટ, ડો.તેજસ ચોકસી, વિનુભાઈ ભટ્ટ, પાર્થ ગોહેલ, કેતન મકવાણા, અંકલેશ ગોહિલ, અનંતભાઈ ગોહેલ, શૈલેષભાઈ પુજારા, પૂજારી પ્રવિણભાઈ જોષી, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડિયા, ભારતીબેન ગંગદેવ, હંસાબેન ચુડાસમા, હર્ષાબેન પંડયા, નેહાબેન મહેતા, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, જયશ્રીબેન મોડેસરા, જયોતિબેન પુજારા, ભક્તિબેન ખખ્ખર મહોત્સવમાં કામગીરી કરે છે.

# વિસાવદર કોર્ટ ખાતે નેશનલ લોક અદાલત યોજાઈ

## એકજ દિવસમાં કરાયો બે કરોડ એકતાલીશ લાખ, બત્રીસ હજાર, બસ્સો, ચુમાલિશ અને તેતાંલીશ પૈસાના ઐતિહાસિક ૨૮૯ કેસોનો ન્યાયિક નિકાલ



(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર તા.૧૬

વિસાવદરમાં તા.૧૪/૯/૨૦૨૪ના રોજ નાલ્સાની ગાઈડ લાઈન મુજબ વિસાવદર કોર્ટ બિલ્ડીંગ ખાતે કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેન એસ.એસ.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં લીટીગેશન અને પ્રિલિટીગેશન સહિતના કુલ રૂપિયા કરોડ એકતાલીશ લાખ બત્રીસ હજાર બસ્સો ચુમાલિશ અને તેતાંલીશ પૈસાના પુરાના ૨૮૯ કેસોમાં પક્ષકારો હાજર રહેલા હતા અને ૨૮૯ કેસોનો સુખદ નિકાલ થતાં લોક અદાલતનું ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયુ હતું. જેમાં સ્પેશિયલ સિટિંગના કુલ ૭૯ કેસોમાં રૂપિયા ૧૫,૮૦૦/-નો દંડ વસુલ કરવામાં આવેલ હતો જે મળી ચાલુ ૨૦૧ કેસોનો નિકાલ કરવામાં આવેલ તથા ૮૮ પ્રિલિટીગેશન કેસો મળી કુલ ૨૮૯ કેસોનો તથા ફેમિલી કોર્ટ તથા એડિશનલ ડિસ્ટ્રીકટ કોર્ટના મળી કુલ ૨૮૯ કેસોનો ઐતિહાસિક ન્યાયિક નિકાલ કરતા વિસાવદર કોર્ટમાં લોક અદાલતનું ઐતિહાસિક રેકોર્ડબ્રેક પરિણામ આવ્યું હતું. આ લોક અદાલતમાં વિસાવદર બાર એસોસિએશનના પ્રમુખ રમેશભાઈ ધાધલ,સીરાજભાઈ માડકીયા, વિજયભાઈ જેઠવા, સિનિયર ધારાશાસ્ત્રી દિનેશભાઈ શાહ, નયનભાઈ જોશી, અશ્વિનભાઈ દુધરેજીયા, સમીરભાઈ પટેલ, કમલેશભાઈ જોશી, એચ.કે. સાવલિયા તથા સ્ટેટ બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા તથા પી.જી.વી.સી.એલની જુદી જુદી કચેરીઓના અધિકારીઓ તથા સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહેલા અને પક્ષકારોને સમજાવટ કરી લોક અદાલતને સફળ બનાવવા માટે મહત્વનો ફાળો આપેલ હતો. વિસાવદર કોર્ટના સુપ્રિટેન્ડન્ટ અને તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટી, અનુપભાઈ વાઘેલા, સુધીરભાઈ ચાવડા, તથા તમામ કોર્ટ સ્ટાફે લોક અદાલતને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે સવારના ૧૦-૩૦ કલાકે દીપ પ્રાગટય કરી લોક અદાલતને ખુલ્લી મુકવામાં આવેલ હતી ત્યારથી પક્ષકારોની મોટા પ્રમાણમાં હાજરી અને ઉત્સાહ ઉડીને આંખે વળગે તેવી હતી. મુખ્ય ન્યાયાધીશ શ્રી એસ.એસ. ત્રિવેદી આ પ્રસંગે લોક અદાલતનું અને સમાધાનનું સમાજમાં મહત્વ સમજાવતું ઉદ્દબોધન કરેલ હતું. વિસાવદર કોર્ટમાં છેલ્લા ઘણા સમયથી લોક અદાલતને સફળ બનાવવા માટે તમામ ન્યાયાધીશ સાહેબો તથા કોર્ટ સ્ટાફ અને વકીલશ્રીઓ દ્વારા સતત પ્રયાસો કરી લોક અદાલતને સફળ બનાવી હતી.

# તાલાલામાં રામપરા અને વેરાવળમાં આજોઠા ખાતે આવતીકાલે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગીર સોમનાથ, તા.૧૬

ગીર સોમનાથ જિલ્લાનાં તમામ નાગરિકો વિવિધ સેવાનો લાભ તેના નજીકના સ્થળ પરથી લઈ શકે તે માટે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તાલાલા તાલુકાના ૨૦ ગામો માટે રામપરા ગામની પ્રાથમિક શાળા ખાતે અને વેરાવળ તાલુકાના ૧૯ ગામો માટે આજોઠા ગામની ડી.એમ.બારડ સ્કૂલ ખાતે આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સવારના ૯ કલાકે યોજાશે.

તાલાલા તાલુકાના રામપરા ખાતેના સેવાસેતુ કાર્યક્રમમાં રામપરા, આકોલવાડી, બામણાસા, મંડારણા, રસુલપરા, અનિડા, જસાધાર, સુરવા, માધવપુર-જાંબુર, રાતીધાર, ભીમદેવળ, હડમતિયા, આંબળાસ, પિખોર, સેમળિયા, રાયડી, જાવંત્રી, વડાળા, વિઠ્ઠલપુર, જશાધાર ગામના નાગરિકો લાભ લઈ શકશે. વેરાવળ તાલુકાના આજોઠા ખાતેના સેવાસેતુ કાર્યક્રમમાં ભેટાળી, ખંઢેરી, રામપરા, લુંભા, માથાસુરીયા, ગુણવંતપુર, કોડીદ્રા, સોનારીયા, નાવદ્રા, ઈન્દ્રોઈ, પંડવા, બાદલપરા, કાજલી, બીજ, બોળાશ, મેઘપુર, નાખડા, કુકરાશ ગામના નાગરિકો લાભ લઈ શકશે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સરકારની આધારકાર્ડલક્ષી સેવાઓ, રાશન કાર્ડની સેવાઓ, જાતિ પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી.ની તપાસ), ઘરેલું નવા વીજ જોડાણ(અરજી), મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ, નવું બેંક એકાઉન્ટ ખોલાવવું, જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, અટલ પેન્શન યોજના, ભીમ એપ, આવકનો દાખલો, નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, વૃદ્ધ નિરાધાર સહાય, સહિતની સેવાઓ એક જ સ્થળ ઉપરથી નાગરિકો લાભ લઈ શકશે અને રાજય સરકારના વિવિધ વિભાગોની યોજનાની માહિતી પૂરી પાડવામાં આવશે.

# કોડિનારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ ઉપર પેચવર્કની કામગીરી હાથ ધરાઈ



ગીર સોમનાથ, તા.૧૬

સમગ્ર જિલ્લામાં વરસાદના કારણે અસરગ્રસ્ત રોડ-રસ્તાના કારણે સામાન્ય નાગરિકોને હાલાકી ન પડે તે માટે વહિવટીતંત્ર દ્વારા સઘન કામગીરી શરૂ છે. જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં પેચવર્ક, રસ્તાઓના રિપેરિંગની કામગીરી પૂરજોશમાં ચાલુ છે.

ગીર સોમનાથ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના કોડિનાર તાલુકાના જુદા જુદા વિસ્તારોનાં માર્ગો પર પડેલા ખાડાઓમાં ડામર પેચવર્ક કરી મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. કોડિનાર તાલુકાના વડનગર-કંટાળા રોડ ઉપર તેમજ અરણેજ-સાંઢણીધાર, પાવટી પરના અસરગ્રસ્ત રસ્તાઓના રીપેરીંગની કામગીરી થઈ રહી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેટલવર્ક અને પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. આમ, વરસાદના વિરામ બાદ નાના-મોટા માર્ગોનું મરામત કામ વહેલીતકે પૂર્ણ કરવા વહીવટી તંત્રએ પ્રતિબદ્ધતા દાખવી છે.

# રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની આગેવાનીમાં ગોંડલ ખાતે સદસ્યતા અભિયાન કાર્યક્રમ યોજાયો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૬

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાજીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાન ચાલી રહ્યુ છે. જે અંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાની ઉપસ્થિતિમાં ગોંડલ ખાતે સદસ્યતા અભિયાન-૨૦૨૪ કાર્યક્રમ યોજાયો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં સદસ્યતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાર્ટી માટે સદસ્યતા અભિયાન એ માત્ર જનસંપર્ક અભિયાન નથી, આ અભિયાનને વધુમાં વધુ લોકોને પાર્ટીની વિચારધારામાં જોડાવવાનો છે. આ કારણી પાર્ટીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં પ્રચંડ જીત હાંસલ કરી, તેનો તેના દ્વારા ભાજપા આજે વિશ્વની સૌથી મોટી લોક્તાંત્રિક પાર્ટી બનવામાં સફળ રહી હતી. ગુજરાત પ્રદેશ ભાજપ તરફથી સદસ્યતા અભિયાન વિષે માર્ગદર્શન આપતા રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ત્રીજી વખત જીત મેળવ્યા બાદ, ભાજપના પ્રથમ વિશાળ જનસંપર્ક અભિયાનમાં ૧૦ કરોડથી વધુ સભ્યોને જોડવા માટે વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ, વિકસિત ભારત ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાની યોજના સાથે દેશના લોકોને જોડવા અને સંગઠિત કરવા પાર્ટીને સર્વવ્યાપી બનાવવા રાષ્ટ્રીય સ્તરથી લઈને દરેક રાજય, શહેર, ગામ અને બૂથ સુધી પાર્ટીનો વ્યાપક વિસ્તાર કરવામાં આવશે. ભાજપાના સંવિધાન અનુસાર નાગરિક ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરનો કોઈપણ ભાવતીય નાગરિક, જે ભાજપાની વિદ્યાનની ધારા અને નિષ્ઠાને સ્વીકારે છે. આ સદસ્યતા અભિયાન કાર્યક્રમમાં ધારાસભ્ય ગીતાબા જાડેજા, શહેર પ્રભારી નરેન્દ્રસિંહ જાડેજા-ચેરમેન રા.લો.સંઘ, ગોંડલ શહેર પ્રમુખ ઉપેન્દ્રસિંહ ચુડાસમા, યુવા મોરચા પ્રમુખ જીગરભાઈ સાટોડીયા, યુવા મોરચા ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા સહીતના મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓ જોડાયા હતા. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયાના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# સૂત્રાપાડા તાલુકામાં લોઢવા ખાતે આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરનાં રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

## સિંગસર, કણજોતર, રાખેજ, ધામળેજ સહિત આસપાસના ગ્રામ્ય નાગરિકોને સરકારની વિવિધ પ્રકારની ૫૫ જેટલી સેવાઓનો લાભ મળશે

ગીર સોમનાથ, તા.૧૬

ગીર સોમનાથ જિલ્લાનાં તમામ નાગરિકો વિવિધ સેવાનો લાભ તેમના નજીકના સ્થળ પરથી મળી શકે તે માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રાપાડા તાલુકાના ૧૬ ગામો માટે લોઢવા કન્યા શાળા ખાતે આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સવારના ૯ કલાકે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

સૂત્રાપાડા તાલુકાના લોઢવા ખાતેના સેવાસેતુ કાર્યક્રમમાં સિંગસર, કણજોતર, રાખેજ, ધામળેજ, બળેવલા, થોરડી, છગિયા, સૂત્રાપાડા(બંદર), વડોદરા (ઝાલા), વાવડી, પ્રશ્નાવડા, મોરાસા, થરેલી, પાધરૂકા, બરુલા ગામના નાગરિકો સરકારની વિવિધ જેટલી ૫૫ સેવાઓનો લાભ લઈ શકશે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સરકારની આધારકાર્ડલક્ષી સેવાઓ, રાશન કાર્ડની સેવાઓ, જાતિ પ્રમાણપત્ર, કુંવરબાઈનું મામેરૂ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી.ની તપાસ), ઘરેલું નવા વીજ જોડાણ(અરજી), મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટનું જોડાણ, નવું બેંક એકાઉન્ટ ખોલાવવું, જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, અટલ પેન્શન યોજના, ભીમ એપ, આવકનો દાખલો, નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, વૃદ્ધ નિરાધાર સહાય, સહિતની સેવાઓ એક જ સ્થળ પરથી નાગરિકો લાભ લઈ શકશે અને રાજય સરકારના વિવિધ વિભાગોની યોજનાની માહિતી પૂરી પાડવામાં આવશે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે વીરાબાપાના સાનિધ્યમાં લોકમેળો યોજાયો



(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૧૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સોરઠી સંત વીરાભગતના પાવન સાનિધ્યમાં ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમાં માનવ મહેરામણ ઉમટયો હતો. ડોળાસા ખાતે આવેલ વીરાબાપાના મંદિરના વિશાળ મેદાનમાં દર સાલ ભાદરવા સુદ ૧૧ (જળજીલી અગિયારસ) ના દિવસે લોકમેળો યોજવામાં આવે છે.આ સાલ પણ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડોળાસા ઉપરાંત આજુબાજુ ના અનેક ગામો ના લોકો ઉમટી પડ્યા હતા.અહી બાળકો માટેના મનોરંજનના અનેક માધ્યમો હતા.તો યુવા લોકો માટે ખાણીપીણીના પણ અનેક સ્ટોલ હતા.તો વૃદ્ધો માટે વીરાબાપાના ધુણા માં ભજન કીર્તનનો કાર્યક્રમ અવિરત ચાલતો રહ્યો હતો. એક અંદાજ પ્રમાણે દોઢ લાખથી વધુ લોકોએ મેળા ની મોજ માણી હતી. વીરાબાપા મંદિર પરિસરમાં વીરેશ્વર મહાદેવ મંદિરે બરફની આકર્ષક પૂજા ચડાવવામાં આવી હતી.

# સલાયામાં આવતીકાલે વડાપ્રધાનનાં ૭૪માં જન્મદિવસ નિમિત્તે ૭૪ વૃક્ષોનું કરાશે વાવેતર

## શહેર ભાજપ મહામંત્રી અગ્રણી લાલજીભાઈ ભુવા દ્વારા વિશિષ્ટ આયોજન



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૪માં જન્મદિવસ નિમિતે સલાયા શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભૂવા દ્વારા સલાયામાં ૭૪ વૃક્ષો વાવીને અનોખી ઉજવણી કરાશે. ભારતના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીનો આવતીકાલ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૪માં જન્મદિવસ નિમિતે સલાયા શહેર ભાજપ મહામંત્રી અને રઘુવંશી સમાજના અગ્રણી ચિરાગભાઈ ડી. તન્ના (લાલજીભાઈ ભૂવા) દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાજપ અધ્યક્ષ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ અનોખી ઉજવણી કરવામાં આવશે. જેમાં નરેન્દ્ર મોદીનું સમગ્ર દેશમાં "એક પેડમાં કે નામ" અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે પર્યાવરણનું વધુ જતન થાય તે માટે વડાપ્રધાનનાં ૭૪ માં જન્મ દિવસ નિમિતે સલાયામાં ૭૪ વૃક્ષો વાવવામાં આવશે જેમાં લાલજીભાઈ ભૂવા દ્વારા આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૪ વૃક્ષ વાવીને વડાપ્રધાનને શુભેચ્છા પાઠવવામાં આવશે. આ આયોજનથી પર્યાવરણનું જતન પણ થશે અને જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવશે. આ કાર્યમાં સલાયા ભાજપ પરિવાર, યુવા ભાજપ પરિવાર,મહિલા મોરચો તેમજ સમાજિક અગ્રણીઓને જોડાવવા લાલજીભાઈ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# વેરાવળ નગરપાલિકા દ્વારા ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તાના મરામતની કામગીરી કરાઈ



ગીર સોમનાથ, તા.૧૬

જિલ્લામાં વેરાવળ નગરપાલિકા વિસ્તારમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાઓનું તાત્કાલિક ધોરણે સમારકામ થઈ જાય તે માટે વેરાવળ નગરપાલિકાની ટીમ દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના વિવિધ ક્ષતિગ્રસ્ત રસ્તાઓની મરામતની કામગીરી કરવામાં આવી હતી. વેરાવળ શહેરમાં રાહદારીઓને અગવડતા ન પડે તે માટે ૬૦ ફૂટ રોડ, ૮૦ ફૂટ રોડ, શંખ સર્કલ, જલારામ રીંગ રોડ સહિતના શહેરનાં વરસાદથી ખરાબ થયેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સુરક્ષા પર રાજકારણ

જ્યારે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે અપરાજિતા વિધેયક રજૂ કરાયું તો પક્ષ-વિપક્ષ બધા એક સાથે ઊભેલા દેખાયા. તમામ રાજકીય મતભેદ જાણે અચાનક ખતમ થઈ ગયા. વિધેયક સર્વસંમતિથી પસાર થઈ ગયું. મમતા બેનર્જીએ વિપક્ષના ધારાસભ્યોને કહ્યું કે તેઓ રાજ્યપાલને આ વિધેયકને સ્વીકૃતિ આપવાનો અનુરોધ કરે, જેથી આગળ તેને રાષ્ટ્રપતિ પાસે મોકલી શકાય. વિપક્ષના નેતા ભાજપના શુભેન્દુર અધિકારીએ તો રાજ્યપાલને તેની અપીલ પણ કરી દીધી. છેલ્લા કેટલાક દિવસોમાં કોલકાતાની સડકોએ એક ડોક્ટરના બળાત્કાર અને હત્યા બાદ જે પ્રકારની રાજનીતિ અને ગુંડાગર્દી જોઈ છે, ત્યારબાદ આ પ્રકારની આમ સહમતિ એક આશા બંધાવી શકતી હતી, પરંતુ એવું થયું નહીં. વિધેયક ભલે સર્વસંમતિથી પાસ થયું હોય, પરંતુ જે પ્રકારની રાજનીતિ ત્યાં દેખાઈ, તે કોઈપણ રીતે આશ્વસ્ત કરનારી ન હતી. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તો બીજાં રાજ્યોમાં થયેલ બળાત્કારોની આખી યાદી જ રજૂ કરી દીધી. તેઓ એટલેથી ન અટક્યાં. તેમણે વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કેટલાય રાજ્યોના મુખ્યમંત્રીઓ પાસે એ તર્ક સાથે રાજીનામાની માંગ કરી કે તેઓ મહિલાઓને સુરક્ષા આપવામાં નિષ્ફલ રહ્યા છે. યાદ રહે, ભાજપી નેતાઓ કોલકાતા હોસ્પિટલ બળાત્કાર અને હત્યા મામલે કેટલાય દિવસથી મમતા બેનર્જીનું રાજીનામાની માંગ કરી રહ્યા છે. એટલે મમતાએ વિચાર્યું કે તેનો રાજકીય જવાબ જથ્થાબંધના ભાવે રાજીનામાં માગીને જ આપી શકાશે!

હવે જોઈએ અપરાજિતા વિધેયક. નિશ્ચિતપણે તેમાં કેટલીક વાતો બહુ સારી છે. આ વિધેયક સ્પષ્ટપણે કહે છે કે જો કોઈનો બળાત્કાર કરીને હત્યા કરી દેવામાં આવે છે કે પછી બળાત્કારી તેને સંપૂર્ણ રીતે અક્ષમ બનાવી દે છે, તો તેના દોષીને મૃત્યુદંડ જ આપવો જોઈએ. અહીં થોડા અટકીને આપણે ૨૦૧૨ના નિર્ભયા કાંડને યાદ કરી લેવો જોઈએ, ત્યારબાદ બળાત્કાર સંબંધિત કાયદાઓમાં બદલાવ માટે જસ્ટિસ જેએસ વર્મા આયોગની સ્થાપના થઈ હતી. આ આયોગે બહુ વિમર્શ બાદ બહુ ઓછા સમયમાં પોતાનો રિપોર્ટ આપ્યો હતો. આ જ રિપોર્ટના આધાર પર કેન્દ્રએ જે કાયદો બનાવ્યો, તેમાં દોષીને વધુમાં વધુ સજા તરીકે મૃત્યુદંડની જ જોગવાઈ હતી. પરંતુ શું થયું? આપણે નિર્ભયા કાંડના દોષીઓને બાદ કરી દઈએ તો બાદમાં કોઈપણ બળાત્કારીને ક્યારેય મૃત્યુદંડ નથી આપવામાં આવ્યો. આ વિધેકમાં એક વધુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે જો કોઈને બળાત્કાર માટે આજીવન કારાવાસ થાય છે, તો તેને આ સજા દરમ્યાન કોઈપણ જાતના પેરોલ કે ફર્લો ન આપવામાં આવે. હાલના ઘણા બધા સંદર્ભો દર્શાવે છે કે કાયદામાં આ પ્રકારની જોગવાઈ કેટલી જરૂરી છે. કાયદાઓમાં ખામીઓ હોઈ શકે છે, પરંતુ તેના કરતાં વધારે ખતરનાક છે બળાત્કાર પર થનારું રાજકારણ. રાજકારણમાં બળાત્કારને હંમેશાં રાજકીય ઓજાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. જે કોલકાતાના કાંડ પર હંગામો મચાવી રહ્યા છે, તેઓ બદલાપુરની ઘટનાઓ પર ચૂપકિદી સેવે છે અને જેઓ બદલાપુરને માથે લઈને ફરે છે તેઓ કોલકાતાની ઘટના પર ચૂં-ચાં પણ નથી કરતા! બળાત્કારની દરેક ઘટના બાદ જનતાનો ગુસ્સો રાજકારણના આ આરોપ-પ્રત્યારોપો આગળ દમ તોડી દે છે. બળાત્કાર પર રાજકારણ ન થવું જોઈએ. તેને લઈને કોઈ સામાન્ય સહમતિ બનાવવાની કોશિશ કેમ નથી થતી?

# પોરબંદરમાં પ્રેમીએ પ્રેમિકાની સ્કુટી સળગાવી દેતા ચકચાર

પોરબંદર, તા.૧૬ : પોરબંદરમાં ચોંકાવનારી ઘટના આવી સામે આવી છે. પોરબંદરમાં એક પ્રેમીએ પ્રેમિકાની એક સામાન્ય વાતને લઈને જ પ્રેમિકાની સ્કૂટીને આગ લગાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. ઘટનામાં પ્રેમિકાની સ્કૂટી બળીને ખાખ થઈ ગઈ છે. મળતી માહિતી અનુસાર પ્રેમિકાના ઘરે ગયેલો પ્રેમી કુખ્યાત ગેંગનો સાગરીત છે. ભાવેશ્વર મંદિર પાસે રહેતી પ્રેમિકાને યુવક મળવા ગયો હતો. ત્યારે યુવતીનો પ્રેમી મિત્ર સાથે ઘરે આવી સ્કુટીને આગ લગાડી હતી. પ્રેમીના મિત્રો હથિયાર સાથે લઈને આવ્યો હોવાનું સામે આવ્યુ હતુ. યુવતીએ ઘરનો દરવાજો ન ખોલતા પ્રેમીને ગુસ્સો આવતા સ્કૂટીને આગ લગાવી હતી. જેના પગલે પ્રેમી અને તેના મિત્ર વિરુદ્ધ પ્રેમિકાએ ફરિયાદ નોંધાવી છે. એક આરોપીની અનેક ગુનામાં સંડોવણી હોવાનું પણ સામે આવ્યું છે. ત્યારે કોટડા ગેંગનો સાગરીતે પ્રેમિકા સાથે અનેક વખત ઝઘડો કરતો હોવાનું સામે આવ્યુ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ગુસ્સો હંમેશા મુર્ખતાથી શરૂ થઈ પશ્ચાતાપ પર પૂરો થાય છે. - અરસ્ત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૧૩ ગોત્રી રાત્રી વ્રતારંભ, પંચક, મુ. ઈદે મિલાદ તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧૨, ધનિષ્ઠા નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીતનો સિલસિલો યથાવત રાખ્યો

# ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું, સતત પાંચમી જીત



### ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૩મી મિનિટ અને ૧૯મી મિનિટે) કર્યા : પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અહેમદ નદીમે કર્યો હતો

બેઈજીંગ, તા.૧૬

ભારતીય હોકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪માં તેની જીતનો સિલસિલો જારી રાખ્યો છે. ભારતે આજે શનિવારે ચીનના હુલુનબુહર ખાતે રમાયેલી મેચમાં કટ્ટર હરીફ એવા પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું છે. ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે (૧૩મી મિનિટ અને ૧૯મી મિનિટે) કર્યા હતા. બીજી તરફ પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અહેમદ નદીમે (૭મી મિનિટે) કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત પાંચમી જીત હતી. ભારતીય ટીમ પહેલાથી જ સેમીફાઈનલમાં પહોંચી ગઈ હતી.

મેચ દરમિયાન પહેલા ક્વાર્ટરમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો હતો. પાકિસ્તાને રમતની સાતમી મિનિટે લીડ મેળવી, જ્યારે હન્નાન શાહિદ ઝડપથી ભારતીય સર્કલમાં પહોંચી ગયો અને અહેમદ નદીમને પાસ આપ્યો. નદીમે ભારતીય ગોલકીપર ક્રિષ્ના બહાદુર પાઠકને ડોચ કરીને ગોલ કર્યો હતો. લગભગ ૬ મિનિટ બાદ ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરથી ગોલ કરીને બરાબરી કરી હતી. બીજો ક્વાર્ટર ભારતના નામે રહ્યો હતો, જેમાં હરમપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર દ્વારા બીજો ગોલ કરવામાં સફળતા મેળવી હતી.

મેચના હાફ ટાઈમ સુધી ભારત ૨-૧થી આગળ રહ્યું હતું. ત્યારપછી ત્રીજા ક્વાર્ટરમાં પાકિસ્તાને બરાબરી કરવાનો પ્રયાસ કર્યો, જે દરમિયાન તેને કેટલાક પેનલ્ટી કોર્નર પણ મળ્યા. પરંતુ ભારતીય ડિફેન્સે આ તકોને નિષ્ફળ બનાવી દીધી હતી. ભારતીય ટીમને આ ક્વાર્ટરમાં ગોલ કરવાની તકો પણ મળી હતી, પરંતુ તે ફાયદો ઉઠાવી શકી નહીં. આ પછી ચોથા ક્વાર્ટરમાં બંને ટીમો એક પણ ગોલ કરી શકી ન હતી.

વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતીય હોકી ટીમની આ સતત પાંચમી જીત હતી. ભારતીય ટીમે અગાઉની મેચમાં કોરિયાને ૩-૧થી હરાવ્યું હતું. તે પહેલા ભારતે મલેશિયાને ૮-૧થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ પહેલા પણ ભારતીય હોકી ટીમે ચીનને ૩-૦ અને જાપાનને ૫-૦થી હરાવ્યું હતું. તાજેતરના સમયમાં પાકિસ્તાન સામે ભારતનો દબદબો યથાવત છે. ગયા વર્ષે હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે પાકિસ્તાનને ૧૦-૨થી હરાવ્યું હતું. આ પહેલા ચેન્નાઈમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે પાકિસ્તાન પર ૪-૦થી જીત મેળવી હતી. જકાર્તામાં ૨૦૨૨ એશિયા કપમાં, યુવા ભારતીય ટીમે પાકિસ્તાન સાથે ૧-૧થી ડ્રો મેચ રમ્યો હતો.

જ્યારે ૨૦૨૧ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં, ભારતે પાકિસ્તાનને ૪-૩થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ટૂર્નામેન્ટમાં ભારત સહિત કુલ છ ટીમો ભાગ લઈ રહી છે. ગ્રુપ સ્ટેજમાં તમામ ટીમોએ પાંચ-પાંચ મેચ રમવાની છે. સેમીફાઈનલ અને ફાઈનલ અનુક્રમે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે રમાશે. ભારત આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનવા માટે પ્રબળ દાવેદાર છે. ભારતે ગયા વર્ષે હોમ ગ્રાઉન્ડ પર ટાઈટલ જીત્યું હતું,

જેનાથી તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ ૪ ટાઈટલ જીતનારી ટીમ બની હતી. ભારતે આ મામલે પાકિસ્તાનને હરાવ્યું હતું, જેણે ત્રણ વખત ખિતાબ જીત્યો હતો. ભારત અને પાકિસ્તાન સિવાય માત્ર કોરિયાએ આ ટૂર્નામેન્ટ એક સમયે જીતી છે. કોરિયાએ ૨૦૨૧ની સિઝનમાં ટાઈટલ જીત્યું હતું

### મંકીપોક્સની સારવાર માટે પહેલી વેક્સિનને મંજૂરી

# મંકીપોક્સ વાયરસના કારણે વિશ્વના અનેક દેશોમાં હાહાકાર



### મંકીપોક્સની વેક્સિનને સ્વિત્ઝર્લેન્ડ, યુએસ, સિંગાપોર, કેનેડા, યુરોપીય સંઘ અને UKમાં મંજૂરી અપાઈ

જીનીવા, તા.૧૬

મંકીપોક્સ વાયરસના કારણે વિશ્વના અનેક દોશમાં હાહારાર મચ્યો છે. આ વાયરસથી ફેલાયેલા પ્રકોપ વચ્ચે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા સારા સમાચાર સામે આવ્યા છે. WHOએ Mpox વાયરસની સારવાર માટે પહેલી વેક્સિનને મંજૂરી આપી દીધી છે.

WHOએ શુક્રવારે એમવીએ-બીએન વેક્સિનને મંકીપોક્સ વિરુદ્ધ પ્રથમ વેક્સિન જાહેર કરી જેને તેની પ્રીક્વોલિફિકેશન યાદીમાં જોડવામાં આવી છે. MVA-BN વેક્સિન હાલમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે બનાવવામાં નથી આવી. જો કે, WHOએ વહેલી તકે બાળકો, ગર્ભવતી સ્ત્રીઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે આ પ્રકારની વેક્સિન તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. નિર્માતા બાવેરિયન નોર્ડિક A/S દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી જાણકારી અને યુરોપિયન મેડિસિન એજન્સી દ્વારા કરવામાં આવેલી સમીક્ષાના આધાર પર પ્રીક્વોલિફિકેશન પ્રક્રિયાનો હેતુ વેક્સિનની ઝડપથી ખરીદી અને વિતરણને સુવિધાજનક બનાવવાનો છે. WHOના ડાયરેક્ટર જનરલ ડો. ટેડ્રોસ ઘેબ્રેસસે વર્તમાન મંકીપોક્સના પ્રકોપને રોકવાની દિશામાં વેક્સિનના મહત્વ પર ભાર મૂક્યો છે.

તેમણે કહ્યું કે, આફ્રિકામાં વર્તમાન પ્રકોપ અને ભવિષ્યના સંદર્ભમાં મંકીપોક્સ વિરુદ્ધ વેક્સિનની આ પ્રથમ પ્રીક્વોલિફિકેશન બીમારીની વિરુદ્ધ આપણી લડાઈમાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે સમાન પહોંચ સુનિશ્ચિત કરવા માટે વેક્સિનની ખરીદી, દાન અને વિતરણને તાત્કાલિક વધારવા માટે આહવાન કર્યું. તેમણે કહ્યું કે, અન્ય જાહેર આરોગ્ય સાધનોની સાથે-સાથે આ વેક્સિન સંક્રમણને રોકવા અને જીવન બચાવવામાં મદદ કરશે. MVA-BN વેક્સિન જેને ચાર અઠવાડિયાના અંતરે બે ડોઝના ઈંજેક્શનના રૂપમાં આપવામાં આવે છે તે ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે માન્ય છે. કોલ્ડ કંડિશનમાં સ્ટોર થયા બાદ તે ૨ થી ૮ ડિગ્રી સેલ્સિયસના તાપમાન પર આઠ અઠવાડિયા સુધી સ્થિર રહી શકે છે. WHOના આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ ડો. યુકિકો નાકાતાનીએ કહ્યું કે, મંકીપોક્સ સામેની વેક્સિનને મંજૂરી એ આફ્રિકન અને ભવિષ્યમાં હાલના પ્રકોપના સંદર્ભમાં બીમારી સામેની આપણી લડાઈમાં એક મહત્વપૂર્ણ પગલું છે. મદદ કરવા માટે સરકારો અને ગેવી અને યુનિસેફ જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા મંકીપોક્સ વેક્સિનની ચાલી રહેલી ખરીદીમાં તેજી આવશે.

ડેટા દર્શાવે છે કે એક્સપોઝર પહેલાં આપવામાં આવેલ સિંગલ ડોઝ MVA-BN રસી લોકોને મંકીપોક્સથી બચાવવામાં અંદાજિત ૭૬% અસરકારક છે, જ્યારે બે ડોઝ અંદાજિત ૮૨% અસરકારક છે. MVA-BN વેક્સિનને સ્વિત્ઝર્લેન્ડ, યુએસ, સિંગાપોર, કેનેડા, યુરોપીય સંઘ અને UKમાં મંજૂરી આપી દેવામાં આવી છે.

# રાજ્ય સરકારના કર્મચારીઓની હડતાળ મોકૂફ રાખવામાં આવી

ગાંધીનગર,તા.૧૬

રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા પડતર માંગણીઓને લઈને આગામી ૧૭મી સપ્ટેમ્બરના રોજ પેન ડાઉન કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી જો કે આ હડતાળ હવે છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી છે. આગામી ૧૬ અને ૧૭મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવતા હોય જેના લીધે કર્મચારી મંડળ દ્વારા સરકારની વિનંતીના પગલે હડતાળ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગેની સત્તાવાર જાહેરાત સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કરી છે.

મળતી માહિતી મુજબ, આજે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે રાજ્ય સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચો, ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા જે રજૂઆત મંત્રીમંડળના પાંચ સભ્યોની ટીમ સમક્ષ કરવામાં હતી. તે રજૂઆતોને લઈને સરકાર હરહંમેશ હકારાત્મક સતત ચિંતિત છે. કર્મચારીઓની લાગણી માંગણીઓ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હરહંમેશ હકારાત્મક વલણ રહ્યું છે. કર્મચારીઓની તમામ માંગણીઓ મુખ્યમંત્રીના ધ્યાને મૂકવામાં આવી છે અને આગામી સપ્તાહમાં મંડળ સાથે વાટાઘાટો બાદ યોગ્ય નિર્ણય કરવા મુખ્યમંત્રીએ પણ હકારાત્મક દિશામાં આગળની પ્રક્રિયા કરવાની સૂચના આપી છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૧૬-૦૯-૨૦૨૪ થી ૨૨-૦૯-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાડુંઓની મદદ મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

# જૂનાગઢમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા જરૂરીયાતમંદોને ફુડ પાર્સલનું વિતરણ કરાયું



(અલીભાઈ વખારીયા દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આ સમાજના ધર્મગુરૂ સૈયદના મુફદલ સૈફુદીન સાહેબના ઉદ્દેશ્યનું કાયમ માટે પાલન કરવામાં આવે છે. માનવ સેવા સર્વોપરી છે અને જે સમાજને મદદની જરૂર હોય તેને મદદ કરવી અને હંમેશા ધર્મના ભેદભાવ વગર મદદ કરતા રહો તેવા ઉદ્દેશને વિવિધ સેવાકીય પ્રવૃતી દ્વારા સાકાર કરવામાં આવે છે. તાજેતરમાં ભારે વરસાદ થયો હોય જેના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાયો હોવાથી ગરીબ વર્ગનું ઘણું નુકશાન થયું છે. અને આવા વિસ્તારોમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા કપડા, ચાદર, ઘરવખરીનો સામાન અને ફુડ પેકેટ પહોંચાડવામાં આવે છે. અને ફુડ પેકેટ પણ ઉત્તમ કવોલીટીના બનાવવામાં આવે છે. દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂએ આવા મદદ માટેનો એક વિભાગ બનાવવામાં આવેલ છે અને જેનું નામ પ્રોજેકટ રાઈઝ આપવામાં આવેલ છે. આ વિભાગ દ્વારા ભારતમાં કોઈપણ વિસ્તારમાં કુદરતી આપતી વખતે મદદ માટે પોકાર પડે ત્યારે મદદ પહોંચાડે છે અને ધર્મગુરૂ તરફથી નાણાંકીય મદદ પણ ફાળવવામાં આવે છે. દરમ્યાન ગત તા.૧૫-૯-૨૦૨૪ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે મકબરા સામે કોર્ટની બાજુમાં હુસેની બિલ્ડીંગ પાસેથી ગરીબ વિસ્તારના દરેક ધર્મના જરૂરીયાતમંદ લોકોને ફુડ પેકેટના પાર્સલનું વિતરણ કરવામાં આવેલ હતુ અને વાહનો દ્વારા આ સામગ્રી પહોંચાડવામાં આવી હતી અને સમાજના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી છે.

## ઈદે મીલાદ નિમિતે

# દાઉદી વ્હોરા સમાજ દ્વારા યોજાયેલ ઝુલુસનું ફુલહારથી સ્વાગત કરાયું





જૂનાગઢ તા.૧૬

જૂનાગઢમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઈદે મીલાદ નિમિતે દાઉદી વ્હોરા સમાજના આમીલ શેખ યુસુફભાઈ જરીવાળા, હકીમુદીન ખોખર, સબીરભાઈ જરીવાલા, જેનુદીન ભગતની આગેવાની હેઠળ નીકળેલ ઝુલુશનું સુખનાથ ચોકમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢના આગેવાનો બટુકભાઈ મકવાણા, વહાબભાઈ કુરેશી, જીસાનભાઈ એડવોકેટ, કાસમભાઈ જુણેજા સહિતનાઓએ ફુલહારથી સ્વાગત કરી કોમી એકતાનું ઉદાહરણ પુરૂ પાડવામાં આવેલ છે.

# જૂનાગઢમાં ધીરૂબાપુ દુધરેજીયાનું ફુલહારથી સ્વાગત કરાયું



જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ સેજના ઓટા પાસે રામદેવપીરના નિશાનમાં મહેત ધીરૂભાઈ દુધરેજીયાનું ફુલહારથી બટુકભાઈ મકવાણા, વહાબભાઈ કુરેશી, રામભાઈ રબારી, દેવાભાઈ જીંજુવાડીયા, જીસાનભાઈ એડવોકેટ, ધીરૂબાપુ વાઘેલા, રમેશભાઈ વાજા સહિતના આગેવાનો નિશાનમાં જોડાયને સ્વાગત

# જૂનાગઢ સમસ્ત બ્રહ્મ સમાજ મહાનગર સિનિયર સિટીજન મંડળે ભવનાથ મહાદેવ ને ધજા ચડાવી




જૂનાગઢ તા.૧૬


સમસ્ત બ્રહ્મ સમાજ જુનાગઢ મહાનગર સિનિયર સિટીજન મંડળ ના શ્રી હસુભાઈ જોશી કે ડી પંડ્યા મહેશભાઈ જોશી ના માર્ગદર્શનમાં વામન જયંતીના દિવસે ગિરનાર તળેટીમાં આવેલ સુપ્રસિદ્ધ ભવનાથ મહાદેવ મંદિરે ભવનાથ મહાદેવની ધજાજી ની શાસ્ત્રોક્ત પૂજા અર્ચના પછી હર હર મહાદેવના નાદ સાથે મંદિર ઉપર ધજા ચડાવવામાં આવી હતી ત્યારબાદ ૫૧ કિલો લાડુ નો મહાપ્રસાદ મહાદેવ ને ધરવામા આવ્યા અને આદિગુરૂ શંકરાચાર્ય મહા સંસ્થાન, સુમેરૂ મઠ, કાશી ના જગતગુરુ શંકરાચાર્ય અન્નત શ્રી વિભુષિત સ્વામી નરેન્દ્રાનંદ સરસ્વતી મહારાજના પ્રવચન,અને આશીર્વાદ નો લાભ મંડળ ના તમામ સભ્યો ને મળ્યો ત્યારબાદ બ્રહ્મસમાજના સિનિયર સિટીઝન મંડળના સભ્યોએ સમુહમાં મહાપ્રસાદ લીધેલ.

આ કાર્યક્રમમાં બ્રહ્મ અગ્રણી શ્રી દિલીપભાઈ ટીટીયા, સંજયભાઈ ઠાકર કમલેશભાઈ પંડ્યા, ચીમનભાઈ મહેતા આરતીબેન જોષી, ચેતનાબેન પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા તેમ શ્રી શૈલેષ પંડયાની યાદી જણાવે છે.

# ઉપલા દાતાર મહાપર્વ ઉર્સ પ્રસંગે જગ્યા ખાતે દીપમાળા મહેંદી નો કાર્યક્રમ હજારો દીવડા પ્રગટાવી જગ્યાને પ્રકાસીત કરાય









જૂનાગઢ તા.૧૬

જુનાગઢ કોમી એકતા ના પ્રતિક સમી ઉપલા દાતાની ધાર્મિક જગ્યા ખાતે દાતાર બાપુનો મહાપર્વ ઉર્સનો મેલો જગ્યાના મહંત શ્રીભીમ બાપુ ની નિશ્રામાંચાલી રહ્યો છે ત્યારે ઉર્શના આજે ત્રીજા દિવસે રાત્રિના જ્યોત સેજ્યોત જલાઓના અભિગમ સાથે જગ્યા ખાતે ગુફામાં પ્રજલિત અખંડ જ્યોતના દીવાથી આખી જગ્યાને પ્રજલિત કરાઈ હતી અને હજારો દીવડા પ્રગટાવી મહેંદી દીપમાળા નો કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો હતો આ પ્રસંગે ઉપસ્થિત ભાવિકો અને બંદોબસ્તમાં રોકાયેલા કર્મચારીઓએ પણ દીપ પ્રગટાવી દાતારની જગ્યાઓની લાઈટો બંધ કરી અને દીવડા થી આખી જગ્યાને ઝળહળતી કરાઈ હતી આ પ્રસંગે ઢોલ નગારાના નાદ સાથે સોવ કોઈ આ દિવ્ય દીપમાળાના દર્શન કરીને ધન્ય બન્યા હતા દીપમાળા ના દર્શન કરવા પધારેલા ભાવિકો માટે જગ્યાના મહંત શ્રી ભીમ બાપુ દ્વારા સુંદર મજાની વ્યવસ્થા અને ભોજન પ્રસાદ ની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાઈ હતી આજે સાંજના મેળાની પુર્ણાહુતિ થશે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

# જૂનાગઢના શિક્ષકે સાયબર ફ્રોડમાં રૂા.૯૯૫૦૧ ગુમાવ્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢના શિક્ષક સાયબર ફ્રોડનો ભોગ બનતા રૂા.૯૯૫૦૧ ગુમાવ્યાનો બનાવ બનવા પામેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ ઝાંઝરડા રોડ રણછોડનગરની પાછળ સિધ્ધનાથ મંદિરવાળી ગલી, બરડાઈ બ્રહ્મ સમાજની બાજુમાં, જોગીપાર્ક સોસાયટી, શેરી નં.૦૧, પ્લોટ નં.૮/૯ના રહેવાસીએ અજાણ્યા મોબાઈલ નં. ૦૯૮૩૧૧૭૭૯૪૬, ૯૫૫૬૮ ૬૦૨૩૫, ૯૩૮૨૪ ૮૦૩૯૦ના ધારક વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદી ગુગલ માં ડો. રાજેશ તેલી રાજકોટ ના નંબર મેળવતા તેમા ફરી.ને ફ્રોડ નંબર મળી જતા ફરી.એ તેમા એપોઈમેન્ટ મેળવવા કોલ કરતાં સામેથી એક અજાણ્યા બહેન એ ડો. રાજેશ તેલી ના દવાખાનાથી બોલુ છુ. તેવુ ખોટૂ બોલી અપોઈમેન્ટ માટે ફરી.ને એક લીંક મોકલેલ જે લીંક ફરીયાદીએ પોતાના મોબાઈલમાં ઓપન કરેલ હોય જેના કારણે ફરીના એસ.બી.આઈ. બેંન્ક એકાઉન્ટ નં.૫૬૦૫૯૦૪૭૯૫૬ માંથી અલગ અલગ ચાર ટ્રાન્સજેક્શન થી કુલ રૂ.૯૯૫૦૧/૨૦ નવાણુ હજાર પાંચસો એક રૂપિયા અને વીસ પૈસા ની રકમ ટ્રાન્સફર કરી લઈ ફરીયાદી સાથે ઓનાલાઈન નાણાકીય છેતરપીંડી કર્યા અંગે ફરીયાદ નોંધાવેલ છે. આ બનાવ તા.૮-૮-૨૪ના રોજ ૯ વાગ્યાથી તા.૧૨-૮-૨૪ના ૧૨ વાગ્યા દરમ્યાન બનવા પામેલ છે. આ ફરીયાદના આધારે બી ડીવીઝન પોલીસે બીએનએસ કલમ ૩૧૯(૨), આઈટી એકટ ૬૬(ડી)હેઠળ ગુનો નોંધી વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.પી.ગઢવી ચલાવી રહયા છે.

# વિસાવદરના પિયાવા ગામે પ્રેમ સંબંધના મનદુ:ખે બે પરિવારો બાખડયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

વિસાવદરના પિયાવા ગામે પ્રેમ સંબંધના મનદુ:ખે બે પરિવારમાં લાકડી-પાઈપ સહિતના હથીયારો વડે મારમારી થતા મામલો વિસાવદર પોલીસે મથકે નોંધાયો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે મેહુલભાઈ લાલજીભાઈ વિરાણીયાએ મહેશ ઉર્ફે લાલો મનુભાઈ કુવારદા, મહેશના પિતા મનુભાઈ, મહેશના માતા ભાનુબેન, મહેશની બહેન સેજલ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના કાકાની દિકરી સાથે આરોપી મહેશ ઉર્ફે લાલાને પ્રેમ સંબંધ હોય જે બાબતનું મનદુ:ખ રાખી ફરીયાદીને ભુંડી ગાળો કરી કુહાડી વડે માથાના પાછળના ભાગે ઈજાઓ કરી તેમજ બાકીના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે મનસુખભાઈ લઘરાભાઈ કુવારદાએ પ્રવીણ વાલજીભાઈ, જગા વાલજીભાઈ, મેહુલ લાલજીભાઈ, રાહુલ લાલજીભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના દિકરાને આરોપી જગા વાલજીભાઈની ભત્રીજી સાથે પ્રેમ સંબંધ હોય જે પ્રેમ સંબંધના મનદુ:ખના કારણે આરોપીઓએ કુહાડી-લાકડી સહિતના હથીયારો વડે હુમલો કરી ફરીયાદી તથા સાહેદોને મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના પ્લાસવા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૧૦ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ તાલુકા પોલીસે પ્લાસવા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૧૦ને ૨૩૩૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસે પ્લાસવા ગામેથી જાહેરમાં જુગાર રમતા ભરત સામજી નાવલીયા, રાહુલ ભુપત ગરસણીયા, કિરીટ રમેશ પાલપરા, રમેશ ધીરૂભાઈ જાદવ, ભુપત ગોવીંદ ગરચાણીયા, પરસોતમ બાબુ ખીમાણીયા, મુકેશ કારા સોલંકી, મહેશ વિઠ્ઠલ મકવાણા, અબુ લખમણ ઓડેદરાને ૨૩૩૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

# મેંદરડાના અંબાળા ગામેથી ૬ જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

મેંદરડાના અંબાળા ગામના ડેમ વાળા રસ્તા પરથી મેંદરડા પોલીસે જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસે અંબાળા ગામે ડેમવાળા રસ્તેથી હરસુખ ભનુભાઈ વઘાસીયા, રવીભાઈ હરસુખભાઈ વઘાસીયા, નાગેશ બાબુભાઈ ભાલીયા, રહીમ અલીભાઈ કુરેશી, ભરત સાતાભાઈ ભાલીયા, સતીષ બાલુભાઈ ડાભીને જાહેરમાં જુગાર રમતા ૭૩૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ઉનાના નેસડા અને વાવરડા ગામની સીમમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધી દ્વારા)

ઊના તા.૧૬ :

ગીર સોમનાથ જિલ્લા ના પોલીસ વડા મનોહર સિંહ જાડેજા ની સૂચના થી ગીર સોમનાથ જિલ્લા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા ના માર્ગ દર્શન હેઠળ પી.એસ.આઈ.એ.સી. સીંધવ એ.એસ.આઈ. સુભાષ ભાઈ ચાવડા, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, રાજુ ભાઈ ગઢીયા અને સ્ટાફ ઊના પંથકમાં પેટ્રોલિંગ માં હતા ત્યારે બાતમી મળી હતી કે ઊના તાલુકાના નેસડા ગામની ગૌચરણ સીમમાં શીતળા માતાજી ના મંદિર જતા રોડ ઉપર એક મીની ટ્રક તાલપત્રી બાંધેલ શંકાસ્પદ હાલત મા હોય તુરંત પહોંચી ટાટા કપની નો મીની ટ્રક નંબર GJ-01-CU -3867 ચાલક જયસુખ દડુંભાઈ ગોહીલ ઉ.વ.૪૦ને રોકી ટ્રક મા તપાસ કરાવતા ટ્રક મા છૂપાવેલ ભારતીય બનાવટ ની ઈંગ્લિશ દારૂની પેટી નગ ૨૦૫ કુલ બોટલ ૨૪૩૬નગ બિયર ના ટીન ૪૮ રૂપિયા ૯લાખ ૭૯ હજાર ૨૦૦/ની કિંમત નો પકડી પાડયો હતો અને તેની પૂછ પરછ કરતા વધુ વિદેશી દારૂ નો જથો ઊના તાલુકાના વાવરડા ગામ ની સીમ માનભાઈ ભીખુ ભાઈ ઉર્ફે ભખાભાઈ ભાલીયા ના ખેતર માં મકાન ની અન દર છુપાવેલ હોવાનુ જણાવતા તેને સાથે લઈ વાવરડા ગામ ની સીમ માં ખેતર માં આવેલ મકાન ની તપાસ કરતા તેમાં રાખેલ પર પ્રાંત ની ઈંગ્લિશ દારૂની બોટલો ની પેટી ૧૮૭, બોટલો નગ- ૧૭૬૪ અને બિયર ટીન નગ. ૯૬૦નગ જેની કિંમત રૂપિયા ૮લાખ ૦૧હજાર ૬૦૦રૂપિયા નો મળી આવેલ અને વાડી નો કબજો ધરાવતા માનભાઈ ભીખુ ભાઈ ઉર્ફે ભખાભાઈ ભાલીયારે. વાવરડા તા. ઊના ને પકડી ઊના પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરતા આ વિદેશ દારૂ ના ગુના મા સંડોવાયેલ હજાર નહિ મળી આવેલ ૧, સતુભાઈ કાળુ ભાઈ ગોહીલ રે. સનખડા ૨, જયેશ ઉર્ફે જયદીપ જીતુભાઈ ગોહીલ રે. સનખડા ૩, ચેતન જીતુભાઈ ગોહીલ રે. સનખડા ૪, નીરવસિહ વીસભાઈ ગોહીલ રે સનખડા,૫, જયેશ ઉર્ફે નાગણી લખમણ ભાઈ વાઘેલા રે.સનખડા૬, ભગુ ભાઈ જોધુભાઈ રે.સનખડા ગુનો નોંધી પકડવા તજવીજ શરૂ કરી છે. આમ કુલ ૩૯૨પેટી વિદેશી દારૂની બોટલ નગ ૪૧૧૦ બિયર ટીન ૧૦૦૮ ટ્રક ની કિંમત ૪લાખ મોબાઈલ ફોન નગ બે મળી કુલ ૨૧લાખ ૯૦હજાર ૮૦૦/નો મુદામાલ કબ્જે કરી એટલો બધો દારૂ નો જથ્થો ક્યાં થી કોની પાસે થી મંગાવી કોને કોને વેચેલા છે તેની માહિતી મેળવી રહી છે.

# કોડીનારમાં દુધાળા પશુઓમાં વિચિત્ર રોગ આવતા પશુપાલકમાં ચિંતાનું મોજું

## પશુઓનું મળ મૂત્ર અટકી જતાં પશુપાલક તેમજ ડોક્ટરો ચિંતિત : એક તબેલા ના ૧૫ પશુઓમાં એકીસાથે રોગ આવતા એક ભેંસનું મૃત્યુ જ્યારે અન્ય પશુઓ સારવાર હેઠળ



(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૧૬

કોડીનાર શહેરમાં દુધાળા પશુઓમાં લંપી નામના રોગચાળા પછી પશુઓ ના મળ મૂત્ર ત્યાગ કરવાની કુદરતી પ્રવૃત્તિ બંધ થઈ જવાના વિચિત્ર પ્રકારના રોગે પગ પેસારો કર્યો છે. કોડીનાર શહેરના મામલતદાર ઓફિસ પાછળ વાડી વિસ્તારમાં આવેલ તબેલા માં પાલતુ ગાય અને ભેંસમાં ઝાડો પેશાબ બંધ થઈ જવાના વિચિત્ર રોગને કારણે કીમતી પશુઓનું મરણ પામવાના બનાવ બનતા તબેલાના માલિક માનસિંગભાઈ ગોવિંદભાઈ ડોડીયા મુસીબતમાં મુકાયા હતા જોકે તેઓ પણ વર્ષોથી પશુપાલન સાથે જોડાયેલા હોય આ પ્રકારનો રોગ પ્રથમ વખત જોવા મળતા તેઓએ તાત્કાલિક કોડીનારના સરકારી પશુ દવાખાના અધિક્ષક ડો. મેહુલભાઈ રાઠોડ ને જાણ કરતા તેઓ પોતાની ટીમ સાથે તાત્કાલિક તબેલા ઉપર આવી સર્વે કરી તમામ પશુઓની તપાસ અને સારવાર હાથ ધરી હતી જોકે આ સારવાર દરમિયાન માનસિંગભાઈની એક કીમતી ભેંસનું મૃત્યુ થયું હતું.આ અંગે કોડીનાર પશુ દવાખાનાના ડો. મેહુલભાઈ રાઠોડ એ જણાવ્યું હતું કે માનસિંગભાઈ ડોડીયાના એક સાથે ૧૫ જેટલા દુધાળા પશુઓમાં આ પ્રકારનો એક જ સરખો રોગ ફેલાયેલો હોવાના કારણે તેમને સારવાર આપીને આ રોગ થવાના કારણોની સઘન તપાસ હાથ ધરતા અમારા તજજ્ઞ પશુ ચિકિત્સક જણાવ્યા મુજબ પશુઓને ખાવા માટે અપાતા મગફળીના પાલામાં સતત પડી રહેલા વરસાદ ને કારણે ફૂગ થવાના કારણે ફૂગ વાળો મગફળીનો પાલો ખાવાના કારણે પશુઓમાં ફૂગજન્ય રોગ વકર્યો છે. માનસિંગભાઈ ડોડીયાનાં ૧૫ પશુઓ ને ફૂડ પોઈઝન થઈ ગયું છે જે પૈકી એક કીમતી ભેંસનું મૃત્યુ નીપજ્યું છે અને બાકીના ૧૪ પશુઓની પશુ ચિકિત્સક ડોક્ટરો દ્વારા સારવાર ચાલુ કરાય છે ત્યારે પશુ માલિકોએ ફૂગજન્ય રોગથી બચવા માટે સાવચેત રહેવા જણાવ્યું છે.

# ૧૬ સપ્ટેમ્બર ઓઝોન દિવસ : ડો.જી.આર.ગોહિલ

સપ્ટેમ્બરને ઓઝોન સ્તરની જાળવણી માટેના આંતરરાષ્ટ્રીય દિવસની ઘોષણા કરી,, ઓઝોન ટુડે, લાઈફ ટુમોરો." "ઓઝોન: અવર ગ્લોબલ ગાર્ડિયન." "ઓઝોનનું રક્ષણ કરવું, જીવનનું રક્ષણ કરવું.ઓઝોન સ્તરની શોધ ૧૯૧૩ માં ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રીઓ ચાર્લ્સ ફેબ્રી અને હેનરી બ્યુસન દ્વારા કરવામાં આવી હતી. ઓઝોન સ્તર અદ્રશ્ય ઢાલ તરીકે કામ કરે છે અને સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ (યુવી) કિરણોત્સર્ગથી આપણને રક્ષણ આપે છે. ખાસ કરીને, ઓઝોન સ્તર આપણને યુવી-બી તરીકે ઓળખાતા યુવી રેડિયેશનથી રક્ષણ આપે છે, જે સનબર્નનું કારણ બને છે. જ્યારે શ્વાસ લેવામાં આવે છે, ત્યારે ઓઝોન ફેફસાંને નુકસાન પહોંચાડી શકે છે. પ્રમાણમાં ઓછી માત્રામાં છાતીમાં દુખાવો, ખાંસી, શ્વાસ લેવામાં તકલીફ અને ગળામાં બળતરા થઈ શકે છે. ઓઝોન અસ્થમા જેવા ક્રોનિક શ્વસન રોગોને પણ બગાડી શકે છે અને શ્વસન ચેપ સામે લડવાની શરીરની ક્ષમતા સાથે ઘટાડે છે.

# ગીરગઢડાની શ્રી અભિનવ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

(પ્રતિનિધી દ્વારા)

ઉના તા.૧૬

ગીર સોમનાથ જિલ્લા કક્ષા યુવા ઉત્સવ ની ઉજવણી શ્રી સરસ્વતી વિદ્યાલય વેરાવળ મુકામે થઈ. જેમાં શ્રી અભિનવ વિદ્યામંદિર ગીરગઢડા નાં વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન રહ્યું. એકાંકી સ્પર્ધામાં શ્રી અભિનવ વિદ્યામંદિર પ્રથમ ક્રમે રહ્યું. હાર્મોનિયમ વાદનમાં ઝાલા પ્રિન્સ યોગેશભાઈ પ્રથમ ક્રમે રહ્યા અને ચિત્ર સ્પર્ધામાં જો





ખીયા સુમૈયાબેન હનીફભાઈ દ્વિતીય ક્રમે રહ્યા. તેમના માર્ગદર્શક તરીકે શ્રી કરસનભાઈ બારૈયા અને કુ. હર્ષિદાબેન ભટ્ટ રહ્યા હતા. તેજસ્વી બાળકોની આ જ્વલંત સફળતા બદલ શ્રી અભિનવ વિદ્યામંદિર શાળા પરિવાર વતી આચાર્યશ્રી રત્નેશ ભાઈ જોષી અને યુવક મંડળ વતી પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવે છે.

# ઊના ગીરગઢડા રોડ પર અજાણ્યા અસ્થિર ભિક્ષૃકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધી દ્વારા)

ઊના તા.૧૬ :

ઊનાનાં ગીરગઢડા રોડ પર આવેલા ખાપટ ગામ નજીક અજાણ્યા અસ્થિર ભિક્ષૃકની લાશ મળી આવતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ લાશ નો કબજો લઈ ઉના સરકારી દવાખાને લાવ્યા બાદ બિન વારસદારની લાશને દીવ ખાતે આવેલાં કોલ્ડ સ્ટોરેજ ખાતે રખાયેલ છે આ બાબતે પોલીસનાં જણાવ્યા અનુસાર બિનવારસી અસ્થિર ભિક્ષૃકનાં ડાબા હાથ ઊપર નાથા કાળું લખેલ છે અને આધેડ વયના આ વ્યક્તિ એ હાથમાં મોર ચિત્ર ત્રાજવું ત્રિફાળવેલ હોય ગ્રે કલર નું મેલું સર્ટ પહેરે છે આ ભિક્ષુક નાં કોઈ સગાં સંબંધીઓને કે જાણકારી ધરાવતા હોય તેવી વ્યક્તિ એ ઊના પોલીસ સ્ટેશન નાં બીટ પોલીસ કાનાભાઈ પાચાભાઈ બાંભણીયા નો તાત્કાલિક સંપર્ક કરવાં યાદી જણાવેલ છે.

# રિલાયન્સ જી-૧ સિનિયર મેન-૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪ લીગ મેચ યોજાઈ

## ગુજરાતે સૌરાષ્ટ્રની- બી ટીમને ૮.૩ ઓવરમાં ૮૩ રન બનાવી ૯ વિકેટે રાજકોટની છ-ટીમ એ મેચ ૫ વિકેટે જીતી લીધી

રાજકોટ તા. ૧૬

રિલાયન્સ જી-૧ સિનિયર મેન ટી-૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪ લીગ મેચ નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે સૌરાષ્ટ્ર ટીમ B વિરૂદ્ધ ગુજરાત વચ્ચે રમાઈ હતી. ગુજરાતે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યું હતું. સૌરાષ્ટ્રની ટીમ બી ૧૭.૪ ઓવરમાં ૮૨ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. રૂચિત આહિરે ૨૪ બોલમાં ૨૬ રન બનાવ્યા હતા. શેલ્ડન જેક્સને ૧૭ રન બનાવ્યા. અરઝાન નાગવાસવાલાએ ૨.૪ ઓવરમાં ૮ રન આપીને ૪ વિકેટ લીધી હતી. રવિ બિશ્નોઈ અને વિશાલ જયસ્વાલે ૨-૨ વિકેટ લીધી હતી. ગુજરાતે ૮.૩ ઓવરમાં ૧ વિકેટ ગુમાવીને ૮૩ રન બનાવ્યા હતા. આર્ય દેસાઈએ ૨૧ બોલમાં ૩૭ રન બનાવ્યા હતા. ઉર્વિલ પટેલે ૧૮ બોલમાં અણનમ ૨૬ રન બનાવ્યા હતા. પાર્થ ભુતે એક વિકેટ લીધી હતી. ગુજરાતે આ મેચ ૯ વિકેટે જીતી લીધી હતી.

સૌરાષ્ટ્રની ટીમ બી શેલ્ડન જેક્સન - કેપ્ટન, અંશ ગોસાઈ, હેત્વિક કોટક, સમર ગજ્જર, રૂચિત આહિર - વિકેટ કીપર, સિદ્ધાંત રાણા - ઈમ્પેક્ટ પ્લેયર, અમિત રંજન, પાર્થ ચૌહાણ, પાર્થ ભુત, ધર્માદિત્ય ગોહિલ, નવનીત વોરા, અરણ્યદેવ ઝાલા – બદલાયેલ ખેલાડી,

ગુજરાતમાં ચિંતન ગજા - કેપ્ટન, આર્ય દેસાઈ, ઉર્વીલ પટેલ - વિકેટ કીપર, સૌરવ ચૌહાણ, પ્રિયેશ પટેલ, જયમીત પટેલ, હેમાંગ પટેલ, રીપલ પટેલ, રવિ બિશ્નોઈ, અરઝાન નાગવાસવાલા, વિશાલ જયસ્વાલ, મેચ ૦૨,

સૌરાષ્ટ્રની ટીમ છ vs બરોડા, રિલાયન્સ જી-૧ સિનિયર મેન_૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪ લીગ મેચ નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે સૌરાષ્ટ્ર ટીમ A વિ બરોડા વચ્ચે રમાઈ હતી. બરોડાએ ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. બરોડાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૩૩ રન બનાવ્યા હતા. લક્ષ્યજીતસિંહ પઢિયારે ૪૨ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૪૬ રન બનાવ્યા હતા. અનંત ભરવાડે ૧૭ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૨૫ રન બનાવ્યા હતા. ભાનુ પાનિયાએ ૨૩ રન બનાવ્યા હતા. ચિરાગ જાની અને અંકુર પંવારે ૨-૨ વિકેટ લીધી હતી.

રાજકોટની ટીમ છએ ૧૫.૫ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૩૪ રન બનાવ્યા હતા. વિશ્વરાજસિંહ જાડેજાએ ૪૧ બોલમાં ૨ ચોગ્ગા અને ૬ છગ્ગાની મદદથી અણનમ ૬૮ રન બનાવ્યા હતા. જય ગોહિલે ૨૧. પાર્શ્વરાજ રાણાએ ૧૭ રન કર્યા હતા. ચિરાગ જાનીએ અણનમ ૧૦ રન બનાવ્યા હતા. કરણ ઉમત્તે ૨ વિકેટ લીધી હતી. હેમંત પુંડે, કાર્તિક ભરવાડ અને ધ્રુવ પટેલે ૧-૧ વિકેટ લીધી હતી.

રાજકોટની ટીમ છ એ મેચ ૫ વિકેટે જીતી લીધી હતી. રાજકોટની ટીમ એ હાર્વિક દેસાઈ - કેપ્ટન અને વિકેટ કીપર ચિરાગ જાની, ધર્મેન્દ્રસિંહ જાડેજા, તરંગ ગોહેલ, જય ગોહિલ, પ્રેરક માંકડ વિશ્વરાજસિંહ જાડેજા, પાર્શ્વરાજ રાણા, અંકુર પંવાર, પ્રણવ કારિયા, દેવાંગ કરમતા, બરોડા- ભાનુ પાનિયા - કેપ્ટન, અનંત ભરવાડ, અમિત પાસી- વિકેટ કીપર, લક્ષ્યજિતસિંહ પઢિયાર-બદલાયેલ ખેલાડી, ધ્રુવ પટેલ, પરીક્ષિત પાટીદાર, દીપ ખેની, રાજવીરસિંહ જાદવ, કાર્તિક ભરવાડ- ઈમ્પેક્ટ પ્લેયર, હેમંત પુંડે ચિંતલ ગાંધી, કરણ ઉમત્ત, રિલાયન્સ જી-૧ સિનિયર મેન ટી૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪ મેચોનું સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

### વડાપ્રધાન મોદીએ કર્યા લાડ

# પીએમ મોદીના નિવાસસ્થાને આવ્યું અતિ વિશિષ્ટ મહેમાન

## વડાપ્રધાન આવાસમાં પ્રિય માતા ગાયે નવા વાછરડાને જન્મ આપ્યો છે, જેના કપાળ પર પ્રકાશનું નિશાન છે

નવી દિલ્હી,તા.૧૬

પીએમ મોદી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તે જે પણ કરે છે, તે તેના અનુયાયીઓ સાથે આખા દેશમાં ઝડપથી ફેલાઈ જાય છે. તેમણે તેના સોશિયલ મીડિયા હેન્ડલ X પર પોસ્ટ કરીને માહિતી આપી છે કે તેના ઘરે એક નાનો મહેમાન આવ્યો છે અને આ મહેમાનનું નામ પણ છે.

પીએમ મોદીએ કહ્યું, ‘આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે – ગાવઃ સર્વસુખ પ્રદા. લોક કલ્યાણ માર્ગ પરના વડાપ્રધાન ગૃહ પરિવારમાં નવા સભ્યનું શુભ આગમન થયું છે.

વડાપ્રધાન આવાસમાં પ્રિય માતા ગાયે નવા વાછરડાને જન્મ આપ્યો છે, જેના કપાળ પર પ્રકાશનું નિશાન છે. તેથી, મેં તેનું નામ ‘દીપજ્યોતિ’ રાખ્યું છે. પીએમ મોદીએ તેનો વીડિયો પણ પોસ્ટ કર્યો છે. જેને જોઈને લોકો કોમેન્ટ કરી રહ્યા છે.

પીએમ મોદીએ પોતાની સાથે દીપજ્યોતિની તસવીરો પણ પોસ્ટ કરી છે, જેમાં પીએમ મોદી તેને પ્રેમ કરતા જોવા મળે છે. પીએમ મોદી ઘરના મંદિરમાં દીપજ્યોતિને માળા પહેરાવે છે અને તેને પોતાના ખોળામાં બેસાડીને સ્નેહ કરે છે. દીપજ્યોતિ પણ PMની એટલી નજીક છે, જાણે કે અમે એકબીજાને વર્ષોથી ઓળખીએ છીએ. પીએમ આવાસના ગાર્ડમાં પીએમ મોદી પણ તેમને ફરતા જોવા મળ્યા હતા.

### ફેસબુકે ઓસ્ટ્રેલિયન સરકાર સમક્ષ કબૂલાત કરી

# ઓસ્ટ્રેલિયાના તમામ એડલ્ટ યુઝર્સના ફોટોઝ અને પોસ્ટની ચોરી કરી

સિડની, તા.૧૬

ફેસબુક (મેટા) પર અનેકવાર આરોપ લાગી ચૂક્યા છે કે, તેઓ યુઝર્સના ડેટાનો ગેરકાયદે ઉપયોગ કરી રહ્યા છે. હવે ફેસબુકે ઓસ્ટ્રેલિયન સરકાર સમક્ષ ચોંકાવનારી કબૂલાત કરી છે કે તેમણે ઓસ્ટ્રેલિયાના તમામ એડલ્ટ યુઝર્સના ફોટોઝ અને પોસ્ટની ચોરી કરી હતી. આ પાછળનો તેનો હેતુ મેટાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટૂલને તાલીમ આપવાનો હતો. મેટા ૨૦૦૭થી આ પ્રકારનો ડેટા ભેગો કરતી હતી. ઓસ્ટ્રેલિયન સરકારે ફેસબુકના આ નિર્ણયને પ્રાઈવસીનો ભંગ ગણાવ્યો છે. આ કારણસર કંપની પર કડક કાર્યવાહીનો ખતરો તોળાઈ રહ્યો છે.

ફેસબુક (મેટા) એ ૨૦૦૭થી પોતાના છૈં મૉડલને તાલીમ માટે ઑપ્ટ આઉટનો વિકલ્પ આપ્યા વિના જ ઓસ્ટ્રેલિયાના એડલ્ટ યુઝર્સના જાહેર પ્લેટફૉર્મ પરથી ફોટા, પોસ્ટ અને અન્ય ડેટા ભેગા કરવાની વાતનો સ્વીકાર કર્યો છે. જોકે, યુરોપિયન લોકો કડક પ્રાઈવસીના કાયદાને કારણે ઑપ્ટ-આઉટ કરી શકે છે. ઓસ્ટ્રેલિયાના લોકોને આ વિકલ્પ આપવામાં આવ્યો ન હતો. મેટાની ગ્લોબલ પ્રાઈવસી ડિરેક્ટર, મેલિંડા ક્લેબૉગએ સ્વીકાર્યું છે કે, મેટા જાહેર પ્લેટફૉર્મ પર મૂકવામાં આવેલી પોસ્ટ અને ડેટાને જ્યાં સુધી તે યુઝર અકાઉન્ટ પ્રાઈવેટ ન કરે ત્યાં સુધી ભેગા કરે છે.

ક્લેબૉગે જણાવ્યું કે, ૧૮ વર્ષથી નાની ઉંમરના યુઝર્સનો ડેટા સ્ક્રેપ કરવામાં નથી આવતો. તેમ છતાં પુખ્ત વયની વ્યક્તિના એકાઉન્ટ પર જો કોઈ સગીરના ફોટો પોસ્ટ કરવામાં આવ્યા હોય તો તે પ્રભાવિત થઈ શકે છે. મેટા આ અભ્યાસને શ્રેષ્ઠ છૈં ટૂલ બનાવવા માટે જરૂરી જણાવે છે, પરંતુ તેનાથી મહત્ત્વપૂર્ણ પ્રાઈવસી સંબંધિત ચિંતા પણ પેદા થાય છે.

આ વિશે ત્યારે જાણ થઈ જ્યારે લેબર સેનેટર ટોની શેલ્ડને પૂછવામાં આવ્યું કે, શું મેટા ૨૦૦૭થી AIને તાલીમ આપવા માટે ઓસ્ટ્રેલિયન લોકોની પોસ્ટનો ઉપયોગ કરે છે? જો કે, ક્લેબૉગે શરુઆતમાં તે વાતને નકારી હતી, ગ્રીન્સ સેનેટર ડેવિડ શુબ્રિઝે તેને ચેલેન્જ કરતાં કહ્યું કે, મેટા હકીકતમાં યુઝર્સના જાહેર પ્લેટફૉર્મ પર રહેલાં ડેટા સ્ક્રેપ કરે છે, જ્યાં સુધી યુઝર્સ પોતાની પોસ્ટને પ્રાઈવેટ નથી કરતું. ક્લબૉગે આખરે સ્વીકાર્યું કે, આ સત્ય છે. તેણે કહ્યું કે, મેટા ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિના ડેટાનો ઉપયોગ નથી કરતું, પરંતુ જો માતા-પિતા કે અન્ય એડલ્ટ યુઝર્સ સાથે તેમના ફોટા જાહેર પ્લેટફૉર્મ પર હોય તો કંપનીના છૈં ટૂલ દ્વારા તેનો ઉપયોગ થઈ શકે છે.

ઓસ્ટ્રેલિયાના કાયદા ઘડનારાઓ હવે યુરોપની જેમ મજબૂત પ્રાઈવસી કાયદા માટે ભાર મૂકી રહ્યા છે. ૨૦૨૦ની સમીક્ષા કર્યા બાદ પ્રાઈવસી અધિનિયમમાં અમુક અપડેટ સાથે સુધારા કરી શકે છે.

### છ લાખ ગામડાઓમાં સુવિધા ઉપલબ્ધ કરાવાશે

# ઈન્દોર-સુરત જેવા શહેરો હવે સ્વચ્છ શહેરોની સ્પર્ધામાં ભાગ નહીં લઈ શકે

નવી દિલ્હી,તા.૧૬

દેશમાં સ્વચ્છતા માટે શહેરો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાને નવી દિશા આપતા, શહેરી બાબતોના કેન્દ્રીય મંત્રાલયે ‘ગોલ્ડન સિટી ક્લબ’ના રૂપમાં સ્પર્ધાની નવી શ્રેણી બનાવવાની જાહેરાત કરી છે. જેનો ઉદ્દેશ્ય સ્વચ્છતા રેંક્રિંગમાં સતત ટોચ પર હોય તેવા શહેરોનું એક અલગ ગ્રુપ બનાવીને અન્ય શહેરોની વચ્ચે સમાન સ્તરનું ક્ષેત્ર બનાવવાનો છે. ઉલ્લેખનીય છે કે, ૭ વખતથી સ્વચ્છ શહેર રહેલા ઈન્દોર અને સુરત જેવા શહેરો વર્ષોથી સ્વચ્છતા રેંક્રિંગમાં ટોચનું સ્થાન મેળવે છે અને તેમનું વર્ચસ્વ એટલું બધું છે કે શહેરો વચ્ચેની સ્વચ્છતા સ્પર્ધાનું પરિણામ એક રીતે પૂર્વનિર્ધારિત છે. આ સ્થિતિને દૂર કરવા માટે હાઉસિંગ અને અર્બન અફેર્સ મિનિસ્ટર મનોહર લાલે શુક્રવારે કહ્યું હતું કે, ગોલ્ડન સિટી ક્લબ કેટેગરી તમામ કેટેગરીમાં હશે અને તેમાં ફક્ત તે જ શહેરોનો સમાવેશ થશે જે ટોચના સ્થાને રહ્યા છે. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ચાલનારા સ્વચ્છતા પખવાડાને લગતી ઈવેન્ટ વિશે માહિતી આપતાં મનોહરલાલે કહ્યું કે, નવી સિસ્ટમમાં શહેરો માટે ગોલ્ડન સિટી ક્લબમાં આવવાનું અને પહેલાથી આ શ્રેણીમાં રહેલા શહેરને ખરાબ પ્રદર્શન પર સામાન્ય શ્રેણીમાં નાખવાની જોગવાઈ છે. મનોહરલાલે એમ પણ કહ્યું કે, આ વખતે સ્વચ્છતા પખવાડા દરમિયાન ૨.૬૦ લાખ સ્થળોને સાફ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ સ્થળોની સફાઈ એવી રીતે કરવામાં આવશે કે તે ચોક્કસ સમયમર્યાદામાં સ્વચ્છ દેખાય. આ પ્રસંગે કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ચાર લાખ ગામડાઓમાં ઘરોમાંથી કચરો ઉપાડવા માટે પાંચ લાખ વાહનો ચલાવવામાં આવી રહ્યા છે અને ટૂંક સમયમાં જ તમામ છ લાખ ગામડાઓમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાટીલે કહ્યું કે, “સ્વચ્છતા અભિયાનના દસ વર્ષમાં ગામડાઓમાં ૩.૪ કરોડ ઘર ODF પ્લસ બન્યા છે. ODF અને ODF પ્લસ ગામોમાં પરિવારોએ આરોગ્ય ખર્ચમાં દર વર્ષે સરેરાશ ૫૦,૦૦૦ રૂપિયાની બચત કરી છે. WHOએ સ્વીકાર્યું છે કે, ૨૦૧૪ની સરખામણીમાં ૨૦૧૯માં ડાયરીયાને કારણે મૃત્યુ પામનારા લોકોમાં ત્રણ લાખનો ઘટાડો ખરેખર સ્વચ્છતા અભિયાનનું પરિણામ છે.”

### ધરતીથી 400 KM દૂર અંતરિક્ષમાં સુનીતા વિલિયમ્સ

# સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે સ્પેસ સેન્ટરમાંથી પત્રકાર પરિષદ યોજી

## મને સ્પેસમાં રહેવું ખૂબ ગમે છે, આ મારી મનપસંદ જગ્યાઓમાંથી એક : સુનિતા વિલિયમ્સની પ્રતિક્રિયા





બેંગલોર, તા.૧૬

અંતરિક્ષમાં ફસાયેલી સુનીલા વિલિયમ્સ અને બુચ વિલ્મોરે ધરથી ૪૨૦ કિલોમીટર દૂર સ્પેસ સેન્ટરમાં પ્ત્રકાર પરિષદ યોજી મીડિયા સાથે વાતચીત કરી અને અનેક પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. તેમણે કહ્યું કે બોઈંગ વિમાનનું તેમના વિના રવાના થવું તથા મહિનાઓ સુધી ઓર્બિટમાં રહેવું તેમના માટે મુશ્કેલ રહ્યું છે. સાથે જ તેમણે કહ્યું કે મને સ્પેસમાં રહેવું ખૂબ ગમે છે. આ મારી મનપસંદ જગ્યાઓમાંથી એક છે.

ગત અઠવાડિયે બોઈંગ સ્ટારલાઈનર કેપ્સૂલની વાપસી બાદ તેમની પ્રથમ સાર્વજનિક ટિપ્પણી છે જે તેમને જૂનમાં આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન સુધી લઈ ગયું હતું. નાસા દ્વારા નક્કી કરવામાં આવ્યા બાદ તે અંતરિક્ષમાં રહી ગઈ, કારણ કે ખરાબ કેપ્સૂલમાં તેને પાછી લાવવી જોખમી હતું. સુનીતા વિલિયમ્સનું આઠ દિવસનું મિશન હતું, પરંતુ હવે આઠ મહિનાથી વધુ સમય ચાલવાની આશા છે.

સુનીતા વિલિયમ્સે કહ્યું કે ’આ મારી ખુશીની જગ્યા છે. મને અહીં અંતરિક્ષમાં રહેવું ખૂબ ગમે છે. સુનીતા વિલિયમ્સ પોતાની માતા સાથે કિંમતી સમય વિતાવવાના અવસરને ગુમાવવાના કારણે થોડા સમય માટે પરેશાન થઈ ગઈ હતી. તેમણે કહ્યું કે તે એક જ મિશન પર બે અલગ-અલગ અંતરિક્ષ યાન ઉડાડવા માટે ઉત્સાહિત છે. અમે ટેસ્ટર છીએ, આ જ અમારું કામ છે. અમે સ્ટારલાઈનરને પુરું કરવા માંગતા હતા અને તેને આપણા દેશમાં ઉતારવા માંગતા હતા, પરંતુ તમારે પેજ બદલવું પડશે અને આગામી અવસરને શોધવો પડશે. સુનીતા વિલિયમ્સે કહ્યું કે સ્ટેશન જીવનમાં પરિવર્તન ’આટલું કઠિન ન હતું, કારણ કે બંને પહેલાં ત્યાં રોકાઈ ચૂક્યા હતા. તેમણે ઘણા વર્ષો પહેલાં લાંબા સમય સુધી અંતરિક્ષ સ્ટેશનમાં પ્રવાસ કર્યો હતો. અંતરિક્ષ યાનના પાયલૉટના રૂપમાં આ માર્ગમાં થોડો સમય મુશ્કેલ હતો. સ્ટારલાઈનરના પ્રથમ ટેસ્ટ પાયલૉટ તરીકે તેમને આશા ન હતી કે તે ત્યાં લગભગ એક વર્શ રહેશે, પરંતુ તેમને ખબર હતી કે આવી સમસ્યાઓ સર્જાઈ શકે છે, જેના લીધે તેમની વાપસીમાં મોડું થઈ શકે છે. આ ફીલ્ડમાં આવું થયા કરે.

વિલ્મોર નિરાશા વ્યક્ત કરતાં કહ્યું કે તે પોતાની સૌથી નાની બહેનના હાઈ સ્કૂલના અંતિમ વર્ષ માટે હાજર રહેશે નહી. વિલમોર અને સુનિતા વિલિયમ્સ સ્ટેશન ચાલક ટુકડીના સભ્ય છે, જે નિયમિત દેખભાળ અને પ્રયોગોમાં વ્યસ્ત રહે છે. વિલ્મોરે એક પત્રકાર પરિષદ દરમિયાન સંવાદદાતાઓને જણાવ્યું હતું કે વિલિયમ્સ થોડા અઠવાડિયામાં સ્પેસ સ્ટેશનની કમાન સંભાળશે. ૫ જૂને ફ્લોરિડાથી ઉડાન ભર્યા બાદ આ આ તેમનો બીજો સ્પેસ પ્રવાસ છે.

બંને અંતરિક્ષ યાત્રીઓએ પણ કહ્યું કે તે પોતાના દેશમાં અજાણ્યા વ્યક્તિઓની પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓની પ્રશંસા કરે છે, જેથી તેમને દરેક વસ્તુનો સામનો કરવામાં મદદ મળી, જેને તે ઘરે મિસ કરશે. તેમણે શુક્રવારે ગેરહાજર બેલેટ માટે અનુરોધ કર્યો જેથી તે ઓર્બિટમાંથી નવેમ્બર મહિનામાં યોજાનારી ચૂંટણીમાં મતદાન કરી શકે. બંનેએ પોતાના નાગરિક કર્તવ્યોને પુરા કરવાના મહત્વ પર ભાર મુક્યો, કારણ કે મિશન હજુ ચાલુ છે.

આ જોડીએ આ અઠવાડિયાની શરૂઆતમાં સાત અને અન્ય લોકો સ્પેસ સેન્ટરમાં સ્વાગત કર્યું, જેમાં બે રશિયન અને અમેરિકન સામેલ છે. હવે સ્પેસ સેન્ટરમાં ૧૨ લોકો હાજર છે. આમાંથી બે યાત્રી આ મહિનાના અંતમાં સ્પેસ એક્સ પર ઉડાન ભરશે. સાથે જ બે કેપ્સૂલ સીટો વિલ્મોર અને વિલિયન્સની વાપસી માટે ખાલી રાખવામાં આવશે. તમને જણાવી દઈએ કે તેમના સ્ટારલાઈનર કેપ્સૂલે અંતરિક્ષ યાત્રીઓ સાથે બોઈંગની પહેલી અંતરિક્ષ ઉડાનને ચિન્હિત કરી. ૬ જૂને અંતરિક્ષ સ્ટેશન પર પહોંચતાં પહેલાં તેના ઘણા થ્રસ્ટર નિષ્ફળતાઓ અને હીલિયમ લીકને સહન કર્યા. આ મહિનાની શરૂઆતમાં ન્યૂ મેક્સિકોના રણમાં સુરક્ષિત રીતે ઉતાર્યું, પરંતુ નાસાના કોમર્શિયલ ક્રૂ કાર્યક્રમમાં બોઈંગનો આગળનો રસ્તો અનિશ્ચિત છે. અંતરિક્ષ એજન્સીએ શટલના સેવાનિવૃત થવાના એક દાયકા પહેલાં સ્પેસએક્સ અને બોઈંગને ઓર્બિટલ ટેક્સી સેવાના રૂપમાં કામ પર રાખ્યા હતા. સ્પેસએક્સ ૨૦૨૦ થી યાત્રીઓને અંતરિક્ષમાં લઈ જઈ રહ્યું હતું.

### મોદી સરકારનો ત્રીજો કાર્યકાળ

# પ્રથમ ૧૦૦ દિવસમાં ૩ લાખ કરોડના ઈન્ફ્રા પ્રોજેક્ટ્સને મંજૂરી

## સૌથી મોટો પ્રોજેક્ટ મહારાષ્ટ્રના વધવાનમાં બંદરનો છે, તે માટે ૭૬,૨૦૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે તેના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસ પૂરા કરી લીધા છે. આ ૧૦૦ દિવસોમાં મોદી સરકારે પાયાગત માળખા પર તેનું ધ્યાન જાળવી રાખ્યું છે. આ દરમિયાન મોદી સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંબંધિત ૩ લાખ કરોડ રૂપિયાની પરિયોજનાઓને મંજૂરી આપી છે. એક અહેવાલ અનુસાર, મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસોમાં ૩ લાખ કરોડ રૂપિયાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમાં સૌથી મોટો પ્રોજેક્ટ મહારાષ્ટ્રના વધવાનમાં બંદરનો છે. તે બંદર માટે ૭૬,૨૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ચોથા તબક્કા માટે ૪૯ હજાર કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે, જેના અંતર્ગત ગ્રામીણ ભારતમાં ૬૨,૫૦૦ કિલોમીટર લાંબા રસ્તાનું નિર્માણ થવાનું છે.

સરકારે આઠ નેશનલ હાઈ સ્પીડ રોડ કોરિડોરની પરિયોજનાઓને પણ મંજૂરી આપી છે. તેમની લંબાઈ ૯૩૬ કિલોમીટર હશે અને ૫૦,૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ આવવાનો અંદાજ છે. મોદી ૩.૦ના પ્રથમ ૧૦૦ દિવસોમાં પાયાગત માળખા સાથે સંબંધિત જે પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે, તેમાં વારાણસીમાં લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનો વિકાસ, પશ્ચિમ બંગાળના બાગડોગર અને બિહારના બિહટામાં હવાઈ મથકો પર નવા સિવિલ એક્ક્લેવનો વિકાસ, ૮ નવી રેલ લાઈન પરિયોજનાઓ, હિમાચલ પ્રદેશ અને લદ્દાખને જોડતી શિનખુન લા સુરંગ વગેરે સામેલ છે. મોદી સરકાર દ્વારા અગાઉના બે કાર્યકાળ દરમિયાન દેશમાં પાયાગત માળખાના વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું છે. ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસોમાં મંજૂર કરવામાં આવેલી પરિયોજનાઓથી લાગે છે કે આ કાર્યકાળમાં પણ મોદી સરકાર પાયાગત માળખાના વિકાસ પર ધ્યાન જાળવી રાખવાની છે. હાલમાં જે પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે, તેમનો ઉદ્દેશ્ય દેશમાં કનેક્ટિવિટી સુધારવાનો, આર્થિક પ્રગતિને વેગ આપવાનો, રોજગારની નવી તકો ઊભી કરવાનો અને લોકોના જીવનને સરળ બનાવવાનો છે. ઉદાહરણ તરીકે મહારાષ્ટ્રમાં બની રહેલા બંદરથી આયાત નિકાસની સુવિધાનો વિસ્તાર થશે. સંપૂર્ણપણે તૈયાર થયા પછી તેને વિશ્વના ટોપ ૧૦ બંદરોમાં ગણવામાં આવશે. ગ્રામીણ રસ્તા પરિયોજનાઓથી ૨૫ હજાર ગામોને લાભ થશે. હાઈ સ્પીડ રોડ કોરિડોરથી બે શહેરો વચ્ચેનું અંતર ઘટશે. વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જે સુરંગનું શિલાન્યાસ કર્યું હતું, તેના તૈયાર થવાથી લદ્દાખને બારેમાસ કનેક્ટિવિટીનો લાભ મળશે.

### વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેના દાવાથી હડકંપ

# વિનેશ સ્વિસ કોર્ટમાં જવા તૈયાર ન હતી : હરીશ સાલ્વે

નવી દિલ્હી, તા.૧૬

વકીલ હરીશ સાલ્વેએ પેરિસ ઓલિમ્પિકને લઈને દાવો કર્યો છે કે, ’વિનેશ ફોગાટ ઈચ્છતી ન હતી કે અમે તેની વિરુદ્ધ લેવાયેલા નિર્ણયને સ્પોર્ટ્સ આર્બિટ્રેશનમાં પડકારીએ. ૭ ઑગસ્ટે સ્પોર્ટ્સ આર્બિટ્રેશને પેરિસ ઓલિમ્પિકમાં મહિલાઓની ૫૦ કિ.ગ્રા. ફ્રી સ્ટાઈલ ફાઈનલ પહેલા રેસલર વિનેશ ફોગટને ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાના કારણે અયોગ્ય ઠેરવવામાં આવી હતી. જેના કારણે રેસલર વિનેશ ફોગટ ફાઈનલમાંથી બહાર થઈ ગઈ હતી.’ જ્યારે ઓલિમ્પિક એસોસિએશને ફાઈનલ પહેલા વિનેશને ગેરલાયક ઠેરવવામાં આવી, ત્યારે તેને ભારતીય ઓલિમ્પિક સંઘ તરફથી કોઈ સમર્થન મળ્યું ન હતું. અમારા વકીલ પહેલેથી જ તે નિર્ણય સાથે ઉદાર દેખાતા હતા. જો કે, વિનેશને ગેરલાયક ઠેરવવામાં આવ્યા બાદ ભારતીય ઓલિમ્પિક એસોસિએશન અને વિનેશ ફોગાટ દ્વારા આ નિર્ણય સામે અપીલ કરવામાં આવી હતી. જેમાં હરીશ સાલ્વેએ વકીલ તરીકે તેમનું પ્રતિનિધિત્વ કર્યું હતું, પરંતુ તેમની અરજી ફગાવી દેતા વિનેશને મેડલ વિના પરત ફરવું પડ્યું હતું. હરીશ સાલ્વેએ કહ્યું કે, ’અમારી રજૂઆત પછી વિનેશ ફોગાટ કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયને પડકારવા માંગતી ન હતી. જો કે, આ પછી અમને અપીલ દાખલ કરવા માટે જરૂરી તમામ દસ્તાવેજો અને માહિતી મળતા અમે સખત લડત ચલાવી હતી. પરંતુ અમારી અપીલ ફગાવી દેવામાં આવી હતી. આર્બિટ્રેશન એવોર્ડ સામે સ્વિસ કોર્ટમાં આ નિર્ણયને પડકારી શકીએ છીએ, પરંતુ બોગાટે જવાબ આપ્યો ન હતો, પછી તેમના વકીલોએ મને કહ્યું કે, વિનેશ તેને આગળ લઈ જવા માંગતી નથી.’


સાલ્વેએ આક્ષેપ કર્યો હતો કે, ફોગાટના વકીલોમાં સંકલનનો અભાવ હતો. કારણ કે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન દ્વારા નિયુક્ત કરવામાં આવેલી વધુ સારી કાયદાકીય પેઢીને લઈને કેટલાક વકીલોએ કહ્યું હતું કે, ’અમે તમારી સાથે કંઈપણ શેર કરીશું નહીં.’

ગુજરાત સરકાર



# પુન:પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી ગુજરાતના આંગણે વિશ્વભરના રોકાણકારોનું ભવ્ય સ્વાગત

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરંપરાગત ઊર્જા પર આલંબન ઘટાડી ભારતને ક્લીન-ગ્રીન ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે વર્ષ 2030 સુધીમાં 500 GW જેટલી પુન:પ્રાપ્ય ઊર્જાના ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે.
આ લક્ષ્યને સાકાર કરવામાં શ્રેષ્ઠ યોગદાન આપવાની નેમ સાથે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 2030 સુધીમાં ગુજરાતમાં 100 GW જેટલી પુન:પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનનો નિર્ધાર કર્યો છે.
આ દિશામાં આગળ વધતા ભારત સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા ગુજરાતમાં રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સપો 'RE-Invest' નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિશ્વભરના રોકાણકારો પધારી રહ્યા છે. ગુજરાત પુન:પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે અને આ ક્ષેત્રે સિદ્ધિના નવા શિખર સર કરવા પ્રતિબદ્ધ છે.



RE INVEST 2024

Invest | Innovate | Inspire

**16-18 સપ્ટેમ્બર 2024**

મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત

**25,000+** સહભાગીઓ | **200+** વક્તાઓ | **10,000+** sq. mtrs. પ્રદર્શન વિસ્તાર



ગુજરાતનું પુન:પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન લક્ષ્ય 2030 સુધીમાં **100 GW** થી વધુ

રજિસ્ટ્રેશન માટે લૉગ ઇન કરો re-invest.in